|| હરિઃૐ ||



# હૃદયપોકાર

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# હૃદયપોકાર

પૂજ્ય શ્રીમોટા રચિત
સ્વસાધના કાળની
પ્રાર્થનાઓ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૪૪ | ૧૦૦૦ | ચોથી | ૧૯૯૨ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૭૬ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૦૯ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૮૧ | ૧૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૨૮ + ૭૬ = ૧૦૪

❑ પડતર કિંમત : **રૂ. ૧૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૧૦**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને જીવનવિકાસ માટે
વખતોવખત મૌનરૂમમાં અનુષ્ઠાન કરનાર
અને
પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈની
પૂરા સદ્‌ભાવથી સેવા કરનાર
તેમ જ
સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગરમાં સાયન્સ ફેકલ્ટીમાં વ્યાખ્યાતા
તરીકે ફરજ બજાવનાર
અને
તે જ યુનિવર્સિટીમાં રચાયેલ શ્રીમોટા શિક્ષણ વિસ્તરણ
ચિંતનપીઠમાં ચૅરપરસન તરીકે સેવા આપનાર
વલ્લભવિદ્યાનગર નિવાસી, ભાવનાશીલ
**શ્રી ચંદનબહેન પટેલ**ને
પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓનો સંગ્રહ
**‘હૃદયપોકાર’**ની આ પાંચમી આવૃત્તિ સમર્પિત કરતાં
અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૩-૭-૨૦૦૯ ટ્રસ્ટીમંડળ,
પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ દિન હરિ:ૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# આમુખ

## (પ્રથમ આવૃત્તિ)

સંસ્કૃતમાં 'મહિમ્નઃ' વગેરેનું એક અનોખું સ્તોત્ર સાહિત્ય છે અને ભક્તહૃદયોએ તેમ જ સહૃદયોએ એ સાહિત્યને હંમેશાં સત્કાર્યું છે. એ જ વર્ગમાં આવતું આ કાવ્ય **'હૃદયપોકાર'** પણ આવકારને પાત્ર છે.

એમાં ભાષાની છટા, છંદનું લાલિત્ય કે અલંકારોની સુભગતા ભલે ન હોય, એની આવાં કાવ્યોમાં અનિવાર્ય જરૂર ગણાય પણ નહિ, પણ એમાં સરળ ભક્ત હૃદયના સાચી ઊર્મિભર્યા ઉદ્‌ગારો છે એ તો સ્પષ્ટ જ છે. કર્તાનું હૃદય ભક્તનું છે અને એ ભક્તહૃદય ભજનીયને ભક્તિપ્રધાન જ્ઞાનની નજરે જુએ ત્યારે જે સરળતા, જે સમર્પણ, જે તનમનાટ, જે દૈન્ય અને છતાં જે અમાપ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ નીપજવો જોઈએ તેનું પ્રતીક આ ભક્તિકાવ્યના જુદા જુદા મુક્તક જેવા શ્લોકોમાં મળે છે. આ મુદ્દો શ્રી નીલકંઠે પોતાની પ્રસ્તાવનામાં સદૃષ્ટાંત સુંદર રીતે ચર્ચ્યો છે, અને એમાં જ આ કાવ્યની ધન્યતા છે. ભક્તિભાવભર્યા સરળહૃદયી લોકમાનસને આ કાવ્ય રુચશે એમ ખુશીથી કહી શકાય.

તા. ૩-૧૧-૧૯૪૪ **ડોલરરાય આર. માંકડ**

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિ)

આ **'હૃદયપોકાર'**ને શિષ્ટ સાહિત્યમાં સ્થાન છે ખરું ? અને હોય તો કેવી જાતનું ? એ સવાલ વાચકોના મનમાં ઊઠ્યા વિના રહેશે નહિ. અત્યાર સુધી, ઉચ્ચ સ્થાન પામેલાં કાવ્યો વાંચવાની જેને ટેવ પડી ગઈ છે, અને હાલના ઘણાખરા વિવેચકો કે સાહિત્યકારોએ ફેલાવેલી સાહિત્ય વિશેની માન્યતાઓથી જે જાણ્યેઅજાણ્યે દોરવાય છે, તેવાને આ વાંચીને નિરાશા લાગે તો નવાઈ જેવું નથી. અમુક ખાસ જાતના, કાનને મધુર લાગે એવા શબ્દોનો ઉપયોગ, કલ્પનાને ગગનમાં લઈ જાય એવી ઉપમાઓ, કાવ્યો લખવામાં વપરાતી ખાસ વધારે કે ઓછી સંસ્કૃતમય શૈલી, મનોહારી વર્ણન, એવું એવું કશું આમાં નથી. એટલે શિષ્ટ સાહિત્યથી પરિચિત અને એવી જાતના રસની અપેક્ષા રાખનાર, વાચકોને આ **'હૃદયપોકાર'** ન પણ ગમે, અને એથી કાગળ વગેરેનો નકામો વ્યય થયેલો દેખાય તો તે અસંભવિત નથી.

પણ જગતમાં કોઈ પણ વસ્તુને એક જ બાજુ હોતી નથી. સત્યના હીરાને અગણિત પાસાં હોય છે, અને તેમાંથી કેટલાંક જ જોવાની શક્તિ સાધારણ રીતે માનવીમાં હોય છે. એટલે 'રસિક' કે 'શિષ્ટ' સાહિત્ય વિશેની આજની સંસ્કારી વર્ગની માન્યતા પણ તેવી રીતે અંતિમ સત્ય નથી એમ મને નમ્રપણે લાગે છે. વિચાર કરીએ તો, એ વર્ગની માન્યતાએ આ મૂલ્યાંકનમાંય છક કરી નાખે એવો પલટો લીધો છે કે 'શું કવિતાદેવી પણ ફૅશનદેવીને આધીન છે ?' તેમણે તો જવાબ નકારમાં આપ્યો હતો. સદ્‌ગત નરસિંહરાવભાઈએ **'નૂપુરઝંકાર'**માં પ્રશ્ન પૂછ્યો હતો, પણ આપણે

જો 'ઇતિહાસની આરસી સાહી'ને જોઈશું તો શું માલૂમ પડે છે ? સદ્‌ગત રમણભાઈએ 'કવિતા અને સાહિત્ય'માં **'કુસુમમાળા'**ને અને કવિ નરસિંહરાવભાઈનાં કાવ્યોને જે ઉચ્ચોચ્ચ સ્થાન આપ્યું હતું, અને એવા પ્રખર વિવેચકની અસરથી એવું સ્થાન એમને ઘણાંનાં મનમાં બહુ વખત સુધી મળ્યું પણ હતું, તેવું સ્થાન તો આજે એમનું નથી એમ સહુ કોઈ સ્વીકારશે. આજે પ્રેમાનંદને મહાકવિનું જે ઉચ્ચ પદ અપાય છે, તે ૧૯મી સદીમાં, અર્વાચીન કવિતાના ઉદય પછી, અપાતું ન હતું. તે પણ સાધારણ રીતે સૌ સ્વીકારશે. કવિ શ્રી નાનાલાલ પ્રત્યે કે સદ્‌ગત ગોવર્ધનરામભાઈ પ્રત્યે સર્જક તરીકે જેવી માનદૃષ્ટિથી અગાઉ જોવાતું, તેવી ને તેટલી માનદૃષ્ટિથી આજે નથી જોવાતું એ પણ ઘણાખરા તો કબૂલ કરશે. પૂજ્ય ગાંધીજીનો પણ એક આગેવાન સાહિત્યકાર તરીકે સ્વીકાર છેલ્લાં થોડાં વર્ષોમાં જ થયો છે. એટલે 'કાવ્ય'નાં લક્ષણો શાં છે અથવા કઈ જાતની કવિતા સારી છે, એને માટે કોઈ અંતિમ સત્ય નથી અને જુદી જુદી વખતે તેનું પણ મૂલ્યાંકન બદલાય છે.

આથી, આ **'હૃદયપોકાર'** પ્રત્યે કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના, તટસ્થતાથી જોવાની વાચકવર્ગને ખાસ વિનંતી છે, કેમ કે સાધારણ રીતે જેને આજે શિષ્ટ સાહિત્ય કહેવાય છે તેવું ઘણું આમાં નથી. એટલે એવી અપેક્ષા રાખનાર વાચકને નિરાશા થાય તો નવાઈ નથી.

જો કાવ્ય એટલે કમનીય ભાવનાની માફક ગુપ્ત, પણ અસરકારક રીતે, વાચકને ઉન્નત કરનાર અને તેથી રસાત્મક-વાક્ય હોય તો મને લાગે છે કે **'હૃદયપોકાર'** તેવું છે ખરું. કવિ વર્ડ્ઝવર્થ કહે છે તેમ કાવ્ય એટલે હૃદયને ખૂબ હલમલાવી નાખનાર લાગણી કે ભાવનો આપોઆપ આવિર્ભાવ કે પડઘો કે સ્ફોટ હોય તો આ **'હૃદયપોકાર'** ખરેખર હૃદયનો જ પોકાર હોવાથી તેને તેવું

ગણવું જોઈએ. કવિતાનું એક મુખ્ય લક્ષણ Sincerity (ઉત્કટ નેકદિલી) છે. આમાં એ લક્ષણ પદે પદે અને શબ્દે શબ્દે નીતરે છે, કેમ કે કડીઓ લખાઈ જ છે એવા સંજોગોમાં અને એવી વ્યક્તિથી કે જ્યાં Sincerity સિવાય બીજું કશું સંભવિત નથી. જો સદ્‌ગત આનંદશંકરભાઈના **'બુદ્ધિ અને હૃદય'** નામક લેખમાં આપેલા શબ્દોમાં સત્ય હોય કે 'તર્કજાળમાં પડેલા તત્ત્વવિમુખ ફિલસૂફ કરતાં નિર્મળ હૃદયે ભક્તિપરાયણ થતો ગામડિયો પરમ વસ્તુ પામવામાં વધારે યોગ્ય છે એ સ્પષ્ટ જ છે.' તો આમાં એવું કૈંક આત્મોન્નતિકારક મળશે. એક મથનાર જીવાત્માએ આત્મોન્નતિ કરવાની તેની તમન્નામાં ભાવનાનો ઉદ્રેક થવાથી, અને તેનો પણ યદ્વાતદ્વાપણે ઉપયોગ ન કરતાં, હેતુપૂર્વક તેને સાધન બનાવીને આ જે લખ્યું છે, તેમાં જિજ્ઞાસુને જ એકલાને નહિ, પણ પ્રભુ પ્રત્યેનું ખેંચાણ સ્પષ્ટ-અસ્પષ્ટપણે સૌ કોઈમાં રહેલું હોવાથી તટસ્થભાવે વાંચનાર હરકોઈને આમાંથી કશુંક તો મળશે જ.

**'હૃદયપોકાર'** કેવળ સ્વાનુભવનું ગાન છે. એક જીવાત્મા પરમાત્મા સાથે અભેદાનુભવ મેળવવા તલસે છે અને સ્વાનુભવરસિક, કે ફિલસૂફી અને કાવ્યશાસ્ત્ર બંનેના અર્થનો 'આત્મલક્ષી' તરફડાટ આમાં આબેહૂબ વ્યક્ત થયો છે. આવા સ્વાનુભવરસિક ઉદ્‌ગારોમાં સર્વાનુભવરસિકતાનું વાચકને દર્શન થશે.

જુદે જુદે સમયે લખાયેલી આ દરેક સ્વતંત્ર કંડિકા સાધકની જુદી જુદી મનોદશાનું તથા કક્ષાનું પ્રતિબિંબ પાડે છે. એટલે એમાં એવું પણ કેટલુંક છે કે જે એવા અનુગામી સાધકને સવિશેષ આકર્ષક તથા માર્ગદર્શક નીવડે.

ગુજરાતી સાહિત્યમાં ભક્તિકાવ્યોની ખાસ ઊણપ ન કહેવાય, પણ તેમાંનાં ઘણાંખરાંમાં પણ ઊંડી, સ્પષ્ટ અનુભવની સુગંધ નથી પ્રસરતી એમ મને તો ખેદપૂર્વક જણાવવું યોગ્ય લાગે છે. સુંદર

ઉપમાઓ હોય છે અથવા છેક જ પ્રાથમિક સ્થિતિની એકાદ ધન્ય પળમાં આવેલી મનોહારી કલ્પના કે લાગણીના ઊભરાનો આવિર્ભાવ હોય છે, પણ જેણે ઈશ્વરદર્શનને જ અથવા આત્માનુભવને જ પોતાનું એકમાત્ર જીવનધ્યેય તરીકે સ્વીકાર્યું છે અને તેથી જેનું સમગ્ર લક્ષ કેંદ્રિત થયું હોવાથી અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવા જે ભાગ્યશાળી થયો છે, એવાના હૃદયના ઉદ્‌ગારોની છાપ ઉઠાવતું ભક્તિ સાહિત્ય આપણામાં (જૂના સંતોને બાદ કરતાં) બહુ થોડું છે–અને તેમાંયે ખાસ કરીને સાધનાવસ્થા દરમિયાનનું.

સાધારણ રીતે, ભક્તિપરાયણ જીવાત્માઓના વર્તન અને કવન પરથી સામાન્ય જનસમુદાયને તેમની એક ક્ષતિ સૂઝે છે અને ખૂંચે છે. તે એ કે ભક્ત એટલે જેનામાં જ્ઞાન ન હોય પણ કેવળ હૃદયની ભાવનાનો જ વિકાસ હોય તે, પણ આ 'પોકાર' વાંચનાર સમજશે કે ભક્તિ, સાચી ભક્તિ, પણ જ્ઞાન વગર સંભવતી જ નથી. જીવનમાંના જુદા જુદા પ્રસંગોમાં તથા સંબંધીઓ સાથે કુશળ વર્તન રાખનારમાં બુદ્ધિ ન હોય એ અસંભવિત છે અને જ્યાં સુધી ભાવના નીતરીને યોગકુશળ કર્મમાં પરિણમે નહિ ત્યાં સુધી ભાવના એક પોચી પોચી કલ્પના કે લાગણીની લહરી જ રહેવાની. આ બાબત તરફ આ 'પોકાર'માં ખાસ લક્ષ દોરાયેલું સુજ્ઞ વાચકને દેખાશે.

લેખકની મનોદશાનું તટસ્થ રીતે કેટલું ને કેવું ઊંડું પૃથક્કરણ તાદૃશ્યપણે થયેલું છે તે, તથા જીવનને પ્રગટાવવામાં તેનો લાભ કેટલો ને કેવી રીતે લઈ શકાય તે, આપોઆપ આમાં સૂચવાયું છે, તે પણ વાચકના ખ્યાલમાં આવ્યા વિના રહેશે નહિ. ભક્તિમાં બુદ્ધિને જો સ્થાન ન હોય તો આવું પૃથક્કરણ સંભવી જ ન શકે.

જેને જીવનને વધુ ઊંચે લાવવું હોય તેને માટે આમાં કેટલીક વ્યાવહારિક અને લાભકારક થઈ શકે એવી સૂચનાઓ આપેલી છે. એ આની એક 'અપૂર્વતા' કે અસાધારણતા ગણાય. સામાન્ય

રીતે ભક્તિકાવ્યોમાં કાં તો ઈશ્વરની સ્તુતિ હોય છે કે કશીક માગણી હોય છે કે ઈશ્વરવિષયક કવિની માન્યતા પણ હોય છે, પણ એ આદર્શોને વર્તનમાં ઉતારતાં જે મુશ્કેલીઓ આવે છે, તેનું દિશાસૂચન તેમાં હોતું નથી, તેમ તેમાંથી બહાર નીકળવા માટેનું માર્ગદર્શન પણ નથી હોતું. **'હૃદયપોકાર'** એક સાચી રીતે ગડમથલ કરતા જીવાત્માના ઉદ્‌ગાર હોવાથી તેમાં સીધી કે આડકતરી રીતે એવું સહાયકારક તત્ત્વ ઘણું મળી આવે છે.

એમાં એવું શું શું છે તે હવે બતાવીશું :-

જીવનનું પરિવર્તન કરવા માગનાર એ દિશામાં કોઈ તાત્કાલિક ઊભરાયેલી લાગણીના પ્રવાહમાં તણાતો હોતો નથી, પણ પાકા, સ્વસ્થ અને તટસ્થતાભર્યા નિર્ણય પછી ભાન, જ્ઞાનપૂર્વક એ દિશામાં વળે છે. કેવળ લાગણીના ઊભરાથી તણાઈને જે એ માર્ગ લેશે તેને પાછા પડવાનો સંભવ છે, કેમ કે એ માર્ગ કંઈ સહેલો નથી. એમાં દુઃખ તો આવવાનું જ. તેનું સૂચન પહેલી જ કડીમાં છે :-

*ફરી વારે વારે ગણતરી કરી મેં હૃદયને*
*વિચારી પૂછ્યું, 'શી સહન કરવે શક્તિ તુજ છે ?'*
*દીધો ફેંકી પાસો રમત રમી લે, તો તુજ હવે,*
*હવે તો જે થાયે કંઈ ન ગણતરી, સહી તું લે.*

એવા મથનારે પોતાના વિચારોની સૃષ્ટિ અને આચારની હકીકત બંનેમાં એકરૂપતા, સળંગતા આણવી પડશે જ. તેથી જ

*વિચારોની સૃષ્ટિ મુજ જુદી, બીજી વર્તનતણી.*

એવી પોતાની સામેની ફરિયાદ રજૂ કરવામાં આવી છે.

દુન્યવી જીવન અને પારલૌકિક જીવન એ બેમાંથી એક જ સાચવી શકાય છે, જગતને મિથ્યા કે મૃગજળ જેવું માનીને, સમજીને, તેનો કશો જ સંબંધ ન રાખવો જોઈએ, એવી એક

માન્યતા છે. એટલે તેવી માન્યતાવાળા લોકો કાં તો સંસાર છોડીને સાધુ થઈ જાય છે અથવા તો સંજોગોવશાત્ તે સંસારમાં રહે તોપણ તે મિથ્યા છે એમ કલ્પીને બને તેટલા શુષ્ક રહેવાનું પસંદ કરે છે, પણ સાચા જીવનની પ્રાપ્તિ એ રીતે નહિ થાય, એમ આમાં સૂચવ્યું છે. આ લેખકને મન તો :-

*ગયો છું જ્યાં જ્યાં હું, તહીંથી શીખવાનું કંઈ મળ્યું,*
*ખરે ! તારી શાળા જગતભરમાં વ્યાપ્ત પ્રભુ ! શું !*

એટલે જીવનના દરેક પ્રસંગમાંથી, દરેક સંબંધમાંથી, સંબંધમાં આવતી દરેક વ્યક્તિ પાસેથી કંઈક ને કંઈક મેળવવાનું જ લક્ષ સાચું જીવન મેળવવા મથનારે સતત રાખવું જોઈએ. જગત મિથ્યા છે કે સત્ય છે અથવા તો તે સતનું પરિણામ છે કે વિવર્ત છે એવી ચર્ચામાં અથવા અનુભવ જ્ઞાનથી જ જેનો જવાબ મળી શકે એવા કૂટ પ્રશ્નોના શુષ્ક ચિંતનમાં પણ, ઊંચે ચઢવા તલસનારે પડવું નહિ, પણ તેણે તો તેના જીવનના સર્વ વ્યાપારથી કંઈક ને કંઈક એને ઊંચે લઈ જાય એવું દિશાસૂચન મેળવવા વૃત્તિ રાખવી જોઈએ, અને તે તેમ કરશે તો જગત એ ખરેખર શાળારૂપ જ અનુભવાશે- એવા ઉદ્ગારો આ **'હૃદયપોકાર'**માં છે.

સંસાર પણ સાંસારિક દૃષ્ટિની કર્મકુશળતા પ્રાપ્ત કરવા માટે જ છે, તેના કરતાં ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાની નિસરણી છે, એ પણ ભૂલવાનું નથી. તેથી :-

*મને થાવા પાકું સહુ રીતથી સંસાર મળિયો,*
*ભગાવા તેમાંથી કદી પણ મને ના મન થજો,*
*ભલે વિઘ્નો આવે, જરૂર મુજને એ શિખવવા,*
*થવાવા પાકો ને અનુભવ મને ત્યાં દૃઢવવા.*
*તને લ્હેવા માટે મુજ શરીર કેવું જરૂરી છે !*
*મળેલું તે રીતે જગ, નિસરણીરૂપ મુજને,*

*વસે જ્યાં ત્યાં કેવો ભરપૂર ભરેલો ભરચકે,*
*કરાવો સંસાર તુજ પ્રતીતિ એવી મુજ હૃદે.*

ઘણી વાર આવા જિજ્ઞાસુને પોતાના સંજોગોને દોષ દેવાનું મન થાય છે તેની છાપ :-

*મને જ્યાં જોઉં ત્યાં, પ્રભુ ! બહુ બધે બંધન દીસે,*
*અને સંજોગોથી વળી હું જકડાયેલ જીવને.*

એ લીટીઓમાં પડી છે, પણ તે બંધનમાંથી મુક્તિનો ઉપાય કે જવાબ, આગળ અનુભવ વધતાં જે મળે છે તે, નીચેની કડીમાં આપ્યો છે :-

*કસોટીની શ્રદ્ધા તુજ પરની તો ઓર વધતી,*
*વિપત્તિમાં સાચી, અનુભવ્યું, પરીક્ષા થઈ જતી.*

જીવનપથના પ્રવાસીને તો સંસારીની કલ્પનામાં પણ ભાગ્યે જ આવી શકે એવી ઘોર નિરાશા કદી કદી થાય છે. તેથી :-

*નિરાશાના જ્યારે વમળમહીં ઘેરાઈ જઉં હું,*
*અને હૈયે ઊંડી ગમગીની થકી વ્યાપ્ત હઉં છું,*
*જહીં ઊંડો ઊંડો જીવ ઊતરતો જોઉં મુજ હું.*

એવા સૂર નીકળે છે પણ એ પંથના પ્રવાસીને કદી નિરાશા ઘેરી લઈ શકતી જ નથી એવું આશ્વાસન તેની પછીની જ લીટીમાં મળે છે :-

*'તને ત્યારે દેતો, મુજ હૃદયમાં, આશ, નીરખું.'*

જગતના સ્થૂળ ત્યાગને બદલે જગતમાં રહીને તેનો, આત્મોન્નતિ માટે સાધન તરીકે ઉપયોગ કરવો એ આમાં સ્પષ્ટ-પણે સૂચવવામાં આવ્યું છે :-

*અરે ! જોની કેવું પ્રભુ ! કમળ જન્મી જળ થકી*
*નિરાળું રે, છે તે, વળી બનતું શું લિપ્ત ન જરી !*
*રહેવાજો એવું મુજથી અહીંયાં આ જગતમાં,*

પણ કેવી રીતે થવાય ?

*કર્યાં હંમેશાંયે કરું ઊંડું જ પૃથક્કરણ હું,*
*જણાયે છે તેથી બનતી મુજથી ભૂલ મન સૌ,*
*સુધારી તે દેવા મથું તુજ કૃપાના બળ વડે,*
*થવાવા એ રીતે મન, ચિત્ત, હ્દે શુદ્ધ બળ દે.*

આંતરનિરીક્ષણ કરી, અંતરમાં થતી સર્વ ક્રિયાઓનું પૃથક્કરણ કરી, પોતાની ભૂલો શોધવા સતત જાગ્રત રહેવું અને ભૂલો જણાય તે સુધારી દેવા પ્રભુના કૃપાબળ વડે મથવું, એમ થતાં મન, ચિત્ત, હૃદય વગેરે શુદ્ધ થતાં જીવનમાં પ્રગતિ થશે. આ જ હેતુ લક્ષમાં રાખીને :-

*પ્રભો ! સંસારેથી મુજ મન અનાસક્ત બનજો !*

એટલે કેવળ **મનને** અનાસક્ત બનાવવાની ઈચ્છા છે, નહિ કે સંસારનાં બંધનો સંસારથી ભાગી જઈને કાપી નાખવાની. એ વિચારને વધુ સ્પષ્ટ નીચેની કડીમાં કરવામાં આવ્યો છે :-

*જવા જોવા ક્યાંય જરૂર ન હતી, અંતરમહીં,*
*કરી હોતે જો તેં નજર, સમજ્યો તું હત નકી.*

આમ, એક બાજુએ સંસારને મિથ્યા ગણવો કે નહિ એ ચર્ચામાં ન પડતાં તેમાં કેવી રીતે રહેવું તે બતાવ્યું છે, ત્યારે બીજી બાજુએ પ્રચલિત ભક્તિ કે ભક્તો વિશેની, માન્યતાથી તથા તેમનાં વલણ, વર્તનથી જુદું, કૈંક નવું જ, સૂચવવામાં આવ્યું છે. ભક્તે કર્મને અવગણવાનાં નથી, પરંતુ સર્વ કર્મ, વ્યવહાર, સંબંધમાં એના જીવનધ્યેયની ભાવના તે બધાંમાં ઊતર્યા કરે તો જ એના સ્વભાવ કે પ્રકૃતિનું રૂપાંતર થઈ શકે, એ કથનને નીચેની કડીઓ કેટલી પુષ્ટિ આપે છે ! -

*કરેલા ધ્યેયેથી કદી મુજ ન પ્રવૃત્તિ ખસજો,*
*અને ત્યાં ચોંટેલું મન, ચિત્તતણું ધ્યાન ઠરજો.*

અને એ ધ્યેયનો મેળ

*થતાં સૌ કામોમાં મુજ થકી સદા મેળ બનજો,*
*કૃપા એવી મારા ઉપર પ્રભુ ! તારી ઊતરજો.*

પ્રભુને પૂરું સમજવા માટે કે એવું જીવન જીવવાને વાણી અને કર્મથી ભાવભરી કુશળતાની યાચના કરતાં ઝીણી બુદ્ધિની પણ માગણી કરી છે :-

*તને મારે પૂરું પ્રભુ ! સમજવા કેમ જીવવું !*
*ઊંડી એની ભારે કંઈ ગહનતા ના સમજું હું,*
*છતાં જેવો તેવો મુજથી બનતો યત્ન કરતો,*
*ઝીણી બુદ્ધિ દેની તુજ ગમ વહેવા જીવન તો.*

ભક્તિમાર્ગમાં પણ, તેવી જ રીતે, અમુક મંતવ્યોની પકડને લીધે બુદ્ધિની જરૂર સાધારણ રીતે સ્વીકારવામાં આવતી નથી. પણ આમાં તો :-

*બધાં ફેંકાવી દે મુજ હૃદયનાં આવરણ તું,*
*પડેલી છાપોને ભૂંસવી સહુ નંખાવ પ્રભુ ! તું,*
*શીખેલું હૈયેથી પ્રભુ ! કરી કૃપા તું ભૂલવી દે,*
*અને જ્યાં ભૂલું ત્યાં ભૂલ સમજવા શક્તિ, મન દે.*

આમાં છાપ એટલે કેવળ સંસ્કાર નહિ, પણ જૂનાં માપો, ખ્યાલો, ગણતરી, કલ્પના, માન્યતા, ટેવો, સમજણો એવો અર્થ છે, કેમ કે એ બધાંની જ છાપ નીકળી ગયા વગર સાચું જીવન પ્રાપ્ત થઈ શકતું નથી. એટલે જ જે બધું શીખેલું છે તે ભૂલવી દેવાને ભગવાનને પ્રાર્થના કરવામાં આવી છે.

જ્ઞાન વગરની ભક્તિથી જીવનપ્રાપ્તિ નહિ જ થાય અથવા સાચી ભક્તિથી જ્ઞાન આપોઆપ સૂઝે છે, તે વિના ક્યાંક ભૂલ છે, એ પણ બતાવવામાં આવ્યું છે :-

*મને પ્રજ્ઞાચક્ષુ, નિજ જન, ગણી, આપ પ્રભુ ! તું.*

વળી–

*ભૂલી મૂર્ખાઈથી દુઃખી થઈ રહ્યો છું પ્રભુ ! હવાં,*
*ઉપાડી લે મારાં નયન થકી અજ્ઞાન પડદા.*

ભક્તિ પંથમાંના કેટલાક માને છે કે ઈશ્વર અગમ્ય છે અને માનવીને કદી પ્રભુનું જ્ઞાન મળતું નથી, પણ આમાં તો એક બાજુ ભક્તમાં હોય છે તેવી છેવટની મર્યાદાની નમ્રતા વ્યક્ત થઈ છે, તે એટલે સુધી કે ભક્ત પોતે ભગવાનનો દાસ કે નિમિત્ત છે, એ વિચારમાં પણ અહંકાર ડોકિયાં કરી શકે છે, તે કેટલું બધું તાદશપણે નીચેની કડીઓમાં વ્યક્ત થયું છે ! :—

*ગમે તેવો છો હું, તુજ ચરણનો દાસ પણ હું,*
*અરે ! એ દાવાનું મુજ મુખથી શું યોગ્ય વદવું ?*
*કદી તેવું બોલું, મૂરખ મુજ તે વ્યર્થ બકવું,*
*હું તારા દાસોના પદની રજનીયે રજ ન છું.*

એટલે ભક્તના પદની ધૂળનીયે રજકણ પણ પોતે નથી અને પોતે-

*સ્વભાવે એ જોતાં જરૂર પ્રભુ ! હું ગર્દભ જ છું.*

એટલી હદની નમ્રતા હોવી જોઈએ એમ સૂચવવા છતાં બીજી બાજુએ ઈશ્વર અગમ્ય નહિ પણ દુર્ગમ્ય છે અને માનવી પૂર્ણ થઈ શકે છે એનું પણ સૂચન છે :-

*'અધૂરો હું એને નવ બનવતો પૂર્ણ પ્રભુ કાં ?'*

• • •

*'કૃપા જો તારી હો તુજ વિષયનું જ્ઞાન મળશે.'*

કેટલીક વખતે ભક્તિમાર્ગમાં પણ જીવનના સમગ્ર વિકાસ તરફ લક્ષ ન આપતાં વૈધી (વિધિ-નિષેધની) ભક્તિ એટલે કે બાહ્યાચારને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે, એ મહત્ત્વનું નથી, પણ શુદ્ધ હેતુવાળા હૃદયની તમન્નાના અને જીવનમાં એ તમન્નાને ઘનસ્વરૂપમાં ઉતારવાના, પ્રમાણ પર જ જીવનવિકાસનો આધાર છે, એમ પણ નીચેની બે લીટીમાં સ્પષ્ટ સૂચવ્યું છે :-

*ભલે ! બાહ્યાચારો જગ તુજ હશે શુદ્ધ સઘળા,*
*તને કૈં એનાથી નથી જ મળવાની કશી મતા.*

બહારના જીવનના આચારો શુદ્ધ હોય તોપણ તેમાંથી કંઈ મતા મળવાની નથી. આમાં બાહ્યાચાર એટલે કેવળ ક્રિયાકાંડ જ નહિ, પણ સર્વવ્યાપી ચૈતન્યશક્તિનાં દર્શન કે અનુભવ કરવા માટે કેવળ નૈતિક જીવન પૂરતું નથી. તે શક્તિ સાથે પોતાના હૃદયના તાર સંપૂર્ણપણે સાધવા માટે લગાતાર પ્રયત્ન, ધ્યાન, જાપ, ભક્તિ, કર્મ, જ્ઞાન વગેરે બીજાં અનેક સાધનોની જરૂર છે. તેથી જ બાહ્યાચારો ગમે તેટલા શુદ્ધ હોય તોપણ તે બસ નથી એમ બતાવ્યું છે. આમ, આ કેવળ ભક્તિમાર્ગી કોઈ પણ જાતની, સાંપ્રદાયિક પ્રાર્થના નથી.

*કર્તવ્ય કર્મ જગમાં રહી નાથ થાય,*
*સદ્ધર્મ નીતિ નિયમો સઘળા પળાય,*
*એ શુદ્ધ તારી અતિ ઉત્તમ અર્ચનાઓ,*
*હે વિશ્વનાથ ! પ્રભુ ! નિત્ય પ્રસન્ન થાઓ.*

સદ્‌ગત ભોળાનાથભાઈ કૃત **'ઈશ્વરપ્રાર્થનામાળા'**માં આમ આવે છે. તેમાં સદ્ધર્મ, નીતિ, નિયમને જ, અને બહુ બહુ તો તે સાથે પ્રભુની, તેની કૃપા માટે પ્રાર્થનાને જ, અતિ ઉત્તમ 'અર્ચના' ગણવામાં આવી છે, પણ તેથી આગળ જવાની સૂચના નીચેની 'બાહ્યાચારો'વાળા વિચારની પછી જ આવતી લીટીઓમાં કરવામાં આવી છે :-

*કૂંડાળે એના એ પડી ન રહેતાં દૂર કહીંયે,*
*-જવાનું છે તારે, ભૂલી જઈશ ના તે મન વિશે.*

અલબત્ત, જે જમાનામાં નીતિનાં ધોરણો પણ શિથિલ થઈ ગયાં હતાં અને અનેક વહેમો પ્રચલિત થયા હતા તથા ચમત્કારને નામે કંઈ કંઈ પાખંડો સમાજમાં દાખલ થયાં હતાં, ત્યારે ભગવાનની ભાવનાને જીવંત રાખવાને માટે નીતિ ઉપરનો આટલો બધો ઝોક યોગ્ય જ હતો, એટલે તેવા મત-પ્રવર્તકોના ખંડન તરીકે આ

લખવામાં નથી આવ્યું. માત્ર એ લખાણથી અથવા તેને અનુસાર જીવન દ્વારા, અંતિમ સત્યની પ્રાપ્તિ નથી એટલું જ સૂચવવાનો ઉદ્દેશ છે.

એવી જ રીતે કેટલાકને આમાંના નમ્રતા વિશેના ઉલ્લેખોમાં કાં તો આત્મવંચના કે (Inferiourity Complex) સ્વઅવમાનના કે કંઈ નહિ તો વધુ પડતી, હદ ઉપરાંતની અને તેથી અયોગ્ય, નમ્રતા લાગે તો તે સમજાય એવું છે. પોતાને ગર્દભ ગણાવવો એ સુરુચિભંગ પણ લાગે તો નવાઈ નથી.

*મહાપાપી હું તો, મુજ સમ જગે એક બસ જે.*

આમાં આવે છે તેવી જ ભાવના **'ઈશ્વરપ્રાર્થનામાળા'**માં પણ

*મહાપાપી કોઈ નથી જગતમાંહી મુજ સમ,*
*ક્ષમાદાતા કોઈ નથી જગતમાંહી તુજ સમ.*

એમ લખ્યું છે. સુરદાસ, તુલસીદાસ જેવા સંતો પણ પોતાને સૌથી અધમ માને છે, તો પ્રશ્ન એ થાય છે કે આમાં અસત્ય નથી? પણ જે કોઈ પોતાનું રૂપાંતર કરવા મથે છે, તેને માલૂમ પડતું જાય છે કે પહેલાં જે જાતનાં વિચાર, વાણી અને વર્તનને પોતે નિર્દોષ ગણતો તેમાં એને દોષ દેખાવા લાગે છે અને શુદ્ધ થવાની તીવ્ર આકાંક્ષાને લીધે પોતાનો રાઈ જેવડો દોષ પણ તેને પર્વત સમાન લાગે છે, એટલું જ નહિ પણ તે દોષ તેનામાંથી નીકળી જાય તે સારુ આર્તનાદથી પ્રાર્થના કરતાં કરતાં એને એવા પોતાના દોષો એટલા તો અસહ્ય લાગે છે કે તેના જરીક જેટલા અસ્તિત્વથી તે પોતાને સૌથી વધારે અધમ સમજે છે. પોતાની તીવ્ર ઉત્કંઠાનો પડઘો સૌથી વધુ અસરકારક રીતે પડે તે સારુ આવી વાણીમાં તેના ઉદ્ગાર નીકળે છે. પોતાના ઉપર તેને એટલો તો ધિક્કાર છૂટે છે અને પોતાના દોષો દૂર કરવા તે એટલો અધીરો બને છે કે તેથી ખરેખર તેવે વખતે પોતાને વર્ણવે છે તેવો

પોતાની જાતને ગણે છે. આવા ભારે, ઉત્કટ ઉદ્વેગ અને ઉકળાટ વગર જડમૂળ ઘાલેલા સ્વભાવના વિકારો નથી હઠતા એવો અનુભવ દરેક ગડમથલ કરનારને પણ થાય છે. એટલે આમાં એવા જીવાત્માઓ પૂરતું માનસશાસ્ત્રીય સત્ય જ સમાયેલું છે.

આ આખું પ્રતિપાદન નીચેની બે લીટીમાં સંક્ષિપ્ત અને સચોટ રીતે થયું છે :-

*નકામી કે'વાતી ચીજ પણ પ્રભો ! કામની બહુ,*
*અરે ! એ જોતાં હું અતિ અધમથીયે અધમ હું.*

આવાં પાપોનું અતિતીવ્ર સંવેદનરૂપે ભાન હોવા છતાં તે દૂર કરવા માટે સાધારણ રીતે પ્રભુની ક્ષમા માગતી પ્રાર્થનાઓ કરવામાં આવે છે, પણ આમાં તો જેટલો ભક્તિ ઉપર તેટલો જ જ્ઞાન વગેરે ઉપર ભાર મુકાયેલો હોવાથી નીચેની લીટી પ્રમાણેની પ્રાર્થના કરવામાં આવી છે :-

*બધાં પાપો મારાં, પ્રભુ ! જગવી જ્ઞાનાગ્નિ હૃદયમાં,*
*ધરી છે આશા તે જડમૂળ થકી ખાક કરવા.*

એ રીતે જે પોતે જ પ્રભુને ઉદ્દેશીને ભગીરથ પુરુષાર્થથી જ્ઞાનાગ્નિ જગાવીને તેને પરિણામે પોતાનાં પાપો પોતે જ બાળી નાખે એવી ખાહેશ રાખવામાં આવી છે.

સાથે સાથે ઈશ્વરની સર્વશક્તિમત્તા ઉપર એવી શ્રદ્ધા છે કે :-

*ગણી તારું જો તું મુજ પર દયા પૂર્ણ કરશે,*
*નવું, સૂકી સૃષ્ટિ પર જીવન પાછું પ્રગટશે.*

જીવન ગમે તેટલું સૂકું થઈ ગયું હોય, ગમે તેટલી નિરાશા છવાઈ હોય, ગમે તેટલાં પાપોના ભારથી માનવી લદાયો હોય, પણ અંતરના સાચા પશ્ચાત્તાપથી અને તેથી કરેલા પુરુષાર્થથી જે પ્રભુકૃપા ઊતરે તે સર્વ કંઈ કરવા સમર્થ છે. આમ, પુરુષાર્થ અને ઈશ્વરકૃપા બંને ઉપર સરખા ઝોકનું દર્શન આમાં વાંચનારને થશે.

*છતાં શ્રદ્ધા, કો દી શકીશ પિગળાવી પ્રભુ ! તને,*
અને ગુનાઓ માફ કરવાની યાચનાને બદલે
*'બધી શિક્ષા એની સહી લઈશ જે હું પર થશે.'*

એવી વીરવાણી પુરુષાર્થ ઉપરના ઝોકને લીધે જ નીકળી છે. પ્રારબ્ધને પણ ફેરવી નાખવા આ પુરુષાર્થ કમર કસે છે :-

*હશે મારું બાપુ, કંઈક વળી પ્રારબ્ધ નબળું,*
*પુરુષાર્થે હું તે કરીશ દૂર ચિંતા નવ ધરું.*

તેમ છતાં કેવળ પુરુષાર્થથી કશું બનતું નથી એવા અનુભવનું દર્શન નીચેની પંક્તિઓમાં થાય છે :-

*જરીકે તું પાસે મુજ બળ વિસાતે નવ કશું,*
*સદા તું આધારે મુજ હૃદયમાં હિંમત ધરું.*

• • •

*કશું મારું ધાર્યું બનતું જરી જ્યાં બાપ ! નવ છે.*

અને -

*પુરુષાર્થથી જે નવ મળી શક્યું તે પદરજે,*
*મળ્યું કૈં સદ્ભાગ્યે, હરિજનતણીથી, ગરીબને.*

આમ, પુરુષાર્થ અને શરણભાવ, નમ્રતા અને આત્મવિશ્વાસ, એવા પરસ્પર વિરોધાભાસી લક્ષણોના આલંબનથી જ જીવનપ્રાપ્તિ શક્ય છે, એમ સૂચવવામાં આવ્યું છે.

ઈશ્વરકૃપા, પુરુષાર્થ અને શ્રદ્ધા - એ ત્રણનો સુમેળ અનિવાર્ય છે અને તે સાધવો જ જોઈએ, પણ તે સાધવા જતાં પાછું સૂક્ષ્મમાં સૂક્ષ્મ અભિમાન ડોકિયું ન કરી જાય એ માટે કેટલીક જાગૃતિ, સાવચેતી અને ચેતવણીની જરૂર છે, તે નીચેની કડીમાં સ્પષ્ટપણે જણાય છે :-

*પ્રયત્ને, શ્રદ્ધાથી, વળી તુજ કૃપાના બળ વડે,*
*ત્રણેને મેળે હું જરૂર મુજ ધાર્યું લઈશ તે.*

પણ તરત જ –

*અરે ! ક્યાંથી આવો તુજમહીં અહંકાર મનવા !*
*પડી છાનુંમાનું કર તુજ કર્યાં કામ જ સદા.*

કેટકેટલાં જુદી જુદી જાતનાં ભયસ્થાનો આવા પુરુષાર્થીને માટે પડેલાં છે, તેની ઝાંખી ઉપરની કડીથી વાચકને થશે.

કર્મ ઉપર પણ તેટલું જ લક્ષ આપવામાં આવ્યું છે, તે આગળ જણાવ્યું છે, તે ઉપરાંત સાચો કર્મમાર્ગ તો એ જ કે જેમાં પળે પળે થતા દરેક કાર્યમાં તે પ્રભુપ્રીત્યર્થ અને તેને સમર્પણ કરીને, તેના ભાવની પ્રાપ્તિના કેવળ સાધન તરીકે કરાતાં હોય, જેમ કે :-

*કરાજો કર્મો સૌ મુજ થકી, કરી અર્પણ તને,*
*તને અર્પેલું સૌ, હૃદયમહીં વિશ્વાસ, ઊગશે.*

અને –

*બીજાં કર્મો તારાં નડતર થવાનાં જ તુજને,*
*હૃદે એવું જાણી દૃઢ સમજી ચાલ્યા કર હવે.*
*ભલું બીજાઓનું કરી નહિ શકાતું મુજથી કૈં,*
*અને સેવા હું-થી પણ જગતની ના બની શકે.*
*ઊભો રે'જે માંડી મીટ, સતત શ્રદ્ધા ધરી હૃદે,*
*અજાણી ઓચિંતી કદીક તુજ તે આશ ફળશે,*
*રખે ! જોજે ! રે'તો જરીય પણ બેસાવધ મને.*

જગતની સેવારૂપી કર્મયોગ (પણ પ્રભુ-નિર્દિષ્ટ માર્ગે) કરવાની અનિવાર્ય જરૂર નીચેની કડીમાં છે :-

*ભલું બીજાઓનું કરી નહિ શકાતું મુજથી કૈં,*
*અને સેવા હું-થી પણ જગતની ના બની શકે.*

સમાજસેવાના ક્ષેત્રમાં પ્રત્યક્ષપણે સતત, એકધારું કામ કરતા હોવા છતાં ઉપરના ભાવાર્થવાળું જે લખ્યું છે એમાં જ એની ગૂઢ ખૂબી સમાયેલી છે.

ભાવનામાં, કર્મમાં, વિચારમાં, વાણીમાં, પળેપળ સાવધાનતા જ રાખવી પડશે. તેથી :-

*ઊભો રે'જે માંડી મીટ, સતત શ્રદ્ધા ધરી હૃદે,*
*અજાણી ઓચિંતી કદીક તુજ તે આશ ફળશે,*
*રખે ! જોજે ! રે'તો જરીય પણ બેસાવધ મને.*

કેમ કે

*ન જાણે કો વેળા પ્રભુતણી કૃપાનોબત થશે.*

જ્ઞાન, ભક્તિ, કર્મ, ઉપરાંત ધ્યાનયોગ વિના પણ ચાલી શકશે જ નહિ, અને તે એટલી હદ સુધી કે પોતાના જીવનધ્યેયનાં કામમાં જ લગાતાર રહેવાની ધૂનને લીધે, બીજાંઓની દૃષ્ટિએ તે મૂઢ અને મૂર્ખા જેવો પણ દેખાતો હોય છે, એવો પણ ઘણે ઠેકાણે નિર્દેશ છે, અને જગતની નજરે પણ પોતે એ કારણસર નીચું રહેવાનું જ ઈચ્છ્યાં કરે છે :-

*'રહેવાજો નીચું જગત નજરે નિત્ય મુજથી'*

• • •

*એકની એક જ ધૂનમાં રહેવા માટે તેથી જ-*
*ભુલાઈ છો જાતા જગત વ્યવહારો, ન પરવા,*
*ભુલાતાં સ્નેહીઓ પ્રિય સ્વજનો, તોયે ન પરવા,*
*ભલે ભુલાતું છો ઘર જગત આખું ન પરવા,*
*ભુલાવા ના દેજે પણ તુજ સ્મૃતિ એક પ્રભુ ! હા.*

આવી રીતે સાચા જીવન માટેના પ્રયાસમાં જ્ઞાનાદિ ચારે ભિન્ન દેખાતા માર્ગનો સુંદર સમન્વય જ હોય છે.

'ઘડપણમાં ગોવિંદ ગુણ ગાશું' અથવા વાનપ્રસ્થ સંન્યાસાશ્રમ જ ભગવાનના ચિંતન માટે અનુકૂળ છે, તે પહેલાં તો અર્થ અને કામને, બહુ તો, ધર્મનો જ પુરુષાર્થ થવો જોઈએ એવી માન્યતાને બદલે આમાં તો છે કે :-

*જુવાની દીવાની તુજ વહી જશે શી પલકમાં,*
*કરી લેવાનું હો ઝટ તું કરી લે, આ સમયમાં,*
*પછીથી કો જાણે તુજ હૃદય ઉત્સાહ રહેશે,*
*કરી લે આજે તું ભરતી તુજમાં જ્યાં ઊભરી છે.*

જુવાનીમાં જે કંઈ થાય તે જેટલા પ્રમાણમાં જોશપૂર્વક અને ખંતપૂર્વક થાય એટલા પ્રમાણમાં અને પડેલી ટેવોમાં જેટલી સહેલાઈથી સુધારો જુવાનીમાં કરી શકાય તેટલી સહેલાઈથી, બીજા કાળમાં નથી થઈ શકતું, એ હકીકતની કોણ ના પાડશે ?

જીવનનું રૂપાંતર કરવા માટેની કેટલીક સરળ રીતો નીચેની પંક્તિઓમાં સૂચવવામાં આવી છે :-

પ્રેમ જેવી સૂક્ષ્મ શક્તિથી સાધકની પ્રગતિ ઝટ થાય છે એટલે :-

*બધાંનોયે હું તો પ્રિય થઈ પડું આ જગમહીં,*
*રહેવાજો એવું મુજથી પ્રભુ એ માગું તુજથી.*

● ● ●

*ભલે રેલો આવે જ્યમ જળતણો તે વહી જશે,*
*વિચારો છો આવે ત્યમ મનમહીં સૌ સરી જશે,*
*નિશાની રે' એની પણ ન જરી તે સાવધ રહું,*
*અને કેમે મારું કદી નવ ચૂકું ધ્યેય મનનું.*

આમ, ધ્યાનમાં તેમ જ જીવનના નિત્ય વ્યવહારો દરમિયાન કે નવરાશમાં પણ વિચારો આવે તેને વહી જવા દેવા, તેની જોડે તેના સંબંધી વિચારોની સાંકળ ન જોડાવા દેવી અને રેલાની માફક વિચારોને વહી જવા દેવાનો પ્રયોગ ખંતપૂર્વક કરી જોનારને તેનો લાભ સમજાશે.

કેવળ વર્તમાનમાં જ અને એક જ ધ્યાનમાં રહેવા માટે :-

*લઉં ના ધ્યાને જે બનતું પછવાડે મુજ હશે*
*અને આંખો સામે મુજ, બનતું જે જોઉં નવ તે,*

*કશાનો કૈંયે ના હૃદયમહીં હું ખ્યાલ કરું છું.*

•　•　•

*ન ચિંતા બોજાની મુજ ઉપરનાની કંઈ ધરું,*
*અને હંમેશાંયે મુજ ગતિમહીં મસ્ત રહું છું.*

ઘણાંખરાં ભક્તિકાવ્યોમાં હૃદયનો તલસાટ પ્રભુની સામે ઉકળાટ ભરેલી ફરિયાદમાં વ્યક્ત થતો આપણે જોઈએ છીએ, કે પ્રભુ, ભક્તને મદદ કરતો નથી, પણ હકીકતમાં તો માનવીને પ્રભુમય થવાની જેટલી ઇચ્છા રહે છે, તે કરતાં અનેકગણી વધુ ઇચ્છા ભગવાનને માનવીને પોતાની તરફ આકર્ષવાની રહે છે.

*'તહારાથી એને તુજ વધુ પડી છે' સમજજે,*
*વધારે ડાહ્યો થૈ બહુ ન ખરડાઈશ, મન લ્હે.*

આવી જાતનું લખાણ બુદ્ધિની તેજસ્વી કલ્પનાથી પણ, જીવનની સાધનાના અનુભવમાં જે ન હોય તેવો માનવી પણ કદાચ લખી શકે, પરંતુ આ લખનાર લેખકના જીવનના તે તે કાળના તેવી તેવી દશાના જાણનારા આજે પણ છે, અને જતાંઆવતાં, હરતાંફરતાં, તેઓ પોતાની ધૂનમાં રહેતા અને ભાવનામાં કેવા તદ્રૂપ બની જતા એ નજરે જોયેલી હકીકત છે. વળી, આ **'હૃદયપોકાર'**માં કેટલેક ઠેકાણે અશ્રુ વગેરે પાડવાની જે વાત આવેલી છે, તે પણ સાચેસાચ તેમનું તેવું થતું. તેથી આ બધું અનુભવના તારણરૂપે છે. વળી, તેઓ જ્યાં કામ કરતા હતા તે સ્થળે તેઓ મૂઢ, બહુ નહિ ભણેલા એવા, અને ગાંડા જેવા પણ ગણાતા, એ પણ મારા પોતાના અનુભવની વાત છે. વાંચનારને આવા જીવન-કવનનો સચોટ ખ્યાલ આવી શકે તેટલા માટે આટલું લખવાનો મારો સ્પષ્ટ ધર્મ સમજું છું.

**'હૃદયપોકાર'**ની શૈલી સાહિત્યની દૃષ્ટિએ કેવી હશે તે ભલે ન કહી શકાય, પરંતુ માત્ર સાધારણ વાંચતાં શીખેલાઓને પણ તે

એકવાર વાંચતાં સમજાઈ જાય છે અને એટલી સરળતાની સાથે જીવનની સાચી સમજ પ્રગટાવવાને તેમાં પ્રેરણાત્મક શક્તિ પણ છે, અને એ રીતે તે લોકભોગ્ય છે તથા પોતાનો હેતુ સારે છે.

મૅકૉલે જેને બોસ્વેલિઝમ્ કહીને હસી કાઢે છે એવી વૃત્તિનો આરોપ વહોરીને પણ આ પ્રસ્તાવનામાં (હકીકતની દૃષ્ટિ જાળવીને જ) કેવળ ગુણદર્શન કરવામાં આવ્યું છે, કેમ કે આ કાવ્ય-પુસ્તકનો તેમ જ પ્રસ્તાવનાનો હેતુ સાહિત્યની આજની નજરે વિવેચન કરવાનો નથી, પણ એ પુસ્તક દ્વારા જીવનને કંઈ માર્ગદર્શન મળે તેનો સ્ફોટ કરવાનો છે, એટલે રચનાત્મક બાજુ તરફ જ લક્ષ આપવામાં આવ્યું છે.

અંતમાં, અહીંની કેળવણીની એક મુખ્ય સંસ્થાના આચાર્યશ્રીના સહૃદયી પ્રોત્સાહને આ **'હૃદયપોકાર'** બહાર પાડી શકાયું છે. સને ૧૯૩૦ના કારાવાસ દરમિયાન લેખકે આ બધું મોઢે રાખેલું હતું અને બહાર આવીને લખી લીધું હતું. તેમાંનું જોકે ઘણું ગેરવલ્લે પણ પડ્યું છે, તોપણ જે બાકી રહ્યું છે તે આ રીતે પ્રસિદ્ધ થાય છે. આ કામમાં, ઉપરોક્ત આચાર્યશ્રી કેવળ સદ્ભાવથી તથા એમના પોતાના જીવનવિકાસને પરિણામે એમનામાં આવેલી કદરવૃત્તિથી સાચા દિલથી પ્રેરાયા છે, તે માટે તેમનો અંતઃકરણનો આભાર માનવો યોગ્ય જ છે.

તેવી જ રીતે, કરાંચી કૉલેજના સંસ્કૃતના અધ્યાપક અને જાણીતા સાહિત્યકાર શ્રી ડોલરરાય માંકડે આનો **'આમુખ'** લખી આપ્યો છે, તે બદલ તેમનો હું હૃદયથી આભાર માનું છું.

હરિજન આશ્રમ, **હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ**
અમદાવાદ (૧૯૪૪)

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત તેમના સાધનાકાળની પ્રાર્થનાઓના **'હૃદયપોકાર'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં આનંદ થાય છે. આ પ્રાર્થનાઓએ ઘણાં ઘણાંનાં હૈયાંને હલાવ્યાં છે, અને તેઓએ પોતાની સાધનામાં બળ મેળવ્યું છે. ઘણાં ઘણાં વર્ષોથી આ પુસ્તક અપ્રાપ્ય હતું.

શ્રી અમૃતલાલ ગોવિંદભાઈ પટેલને સુરત આશ્રમમાં તેમના મૌનએકાંતના લાંબા ગાળા દરમિયાન આ પુસ્તકને પુનઃપ્રકાશિત કરવાનો સ્તુત્ય વિચાર ઉદ્ભવ્યો અને તેમણે તેનો બધો ખર્ચ આપવાની દરખાસ્ત કરી, તેનો અમે સાભાર હર્ષપૂર્વક સ્વીકાર કર્યો. એમના આવા ઉમળકા અને ભાવભર્યા સદ્ભાવ બદલ અમો એમનો ઘણો ઘણો આભાર માનીએ છીએ. શ્રી અમૃતભાઈ તો અનેક રીતે આશ્રમને સહાયક નીવડતા આવ્યા જ છે. અમે એમના ઋણી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્યો પાછળ જ ખર્ચાતી હોવાથી આ પુસ્તકના વેચાણમાં જનતા અમોને સાથ-સહકાર આપે તેવી વિનંતી છે.

આ પુસ્તક ત્વરાથી અને ચીવટથી તથા ખંતપૂર્વક છાપી આપવા માટે પ્રણવ પ્રિન્ટર્સવાળા શ્રી પ્રવીણભાઈ ગામીના અમો ઘણા આભારી છીએ. આના મુખપૃષ્ઠની ડિઝાઈન કરી આપવા બદલ શ્રી જય પંચોલીના અમે અત્યંત આભારી છીએ.

તા. ૨૦-૧૦-૧૯૮૧

**નંદુભાઈ**
**મૅનેજિંગ ટ્રસ્ટી,**
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની **‘હૃદયપોકાર’**ની આ પ્રાર્થનાઓ આમ તો એમના સાધનાકાળની છે. તેમ છતાં કોઈ પણ શ્રેયાર્થી જીવાત્માના જ હૃદયની એ પ્રાર્થના બની રહે છે, કેમ કે આ પ્રાર્થનામાં હૃદયની સચ્ચાઈનો પ્રબળ રણકો છે. એટલે જ એ શબ્દો કોઈ પણ સમયે પોતાનું સામર્થ્ય વ્યક્ત કરે છે.

આ પુસ્તકના પુનર્મુદ્રણમાં અમને પૂજ્ય શ્રીમોટાના પ્રિય સ્વજન શ્રી કંચનલાલ શાહનો સહયોગ પ્રાપ્ત થયો છે. એમણે આવા સહયોગ દ્વારા એમના પિતાશ્રીનું યથાર્થ તર્પણ કરી ધન્યતા અનુભવી છે. અમે શ્રી કંચનભાઈ શાહના ઘણા જ આભારી છીએ.

ગુજરાતી શ્રેયાર્થી-જિજ્ઞાસુ વર્ગ આ પુસ્તકને ખરીદીને વાંચશે, માણશે અને અનુભવશે એવી અમને શ્રદ્ધા છે. આ પ્રૂફ વાચનમાં શ્રી ખીમજીભાઈ પટેલે સેવા આપી, તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

હરિઃ ૐ આશ્રમ,
નડિયાદ
તા. ૨૨-૪-૧૯૯૨

**સી. ડી. શાહ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની થયેલ વિપુલ પ્રમાણની પ્રાર્થનાઓ પૈકી જૂજ સંખ્યામાં સ્વજનોને જે ઉપલબ્ધ છે, તેમાં **'હૃદયપોકાર'**માં કેટલીક સંગ્રહાયેલી છે.

**'હૃદયપોકાર'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૪૪માં પ્રકાશિત થયા બાદ અત્યાર સુધીમાં ચાર આવૃત્તિની પાંચ હજાર નકલ પ્રકાશિત થઈ છે. હાલમાં તેની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી આ પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમોને આનંદની લાગણી થાય છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૩-૭-૨૦૦૯ — ટ્રસ્ટીમંડળ,

પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ દિન — હરિઃૐ આશ્રમ, સુરત

# હૃદયપોકાર

❑

પૂજ્ય શ્રીમોટા

**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**

**- શ્રીમોટા**

'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૩૮૨

॥ હરિ ૐ ॥

# હૃદયપોકાર

(શિખરિણી)

ફરી વારે વારે ગણતરી કરી મેં હૃદયને
વિચારી પૂછ્યું, 'શી સહન કરવે શક્તિ તુજ છે ?
દીધો ફેંકી પાસો રમત રમી લે, તો તુજ હવે,
હવે તો જે થાયે, કંઈ ન ગણકારી, સહી તું લે. ૧

સકંચામાં હું તો બહુ જ સપડાયો અધવચે,
અને એકે બારી દીઠી ઊગરવાની ન કહીંયે,
પડ્યાને પાટું દે પ્રભુ! જગતનો ન્યાય અહીંયાં,
મૂંઝાયેલો એવો તુજ પદ ઢળ્યો છું શરણમાં. ૨

વિચારોની સૃષ્ટિ મુજ જુદી, બીજી વર્તનતણી,
બન્યો છે બંનેનો હજીય સરખો મેળ ન કંઈ,
શરૂ એ દિશામાં મુજ જીવનનું વ્હેણ થયું છે,
પહોંચાડી એને મુખમહીં પ્રભુ! એક કરી દે. ૩

હજી દ્વિધા મારું જીવન વહતું, ના મટતું તે,
મુખે બોલું તેવી કરણી મુજથી ના બનતી ને,
થતો ભારે તેથી મનહૃદય સંતાપ ઝઘડો,
નિવેડો આવે ના પ્રભુજી! ક્યમ ઉકેલ કરવો ? ૪

રહ્યો હું એકાકી રિપુ મુજ ઘણા, હું ક્યમ ટકું ?
થતો* મારો ચારે તરફ થકી મારા પર બહુ,
સહેવાતું હાવાં મુજ થકી નથી, ક્યાં જવું બીજે ?
ઢળેલો છું હું તો તુજ પદ, મને તું બચવજે. ૫

પ્રભો! જન્મ્યો'તો હું ગરીબ જન તેથી રઝળવું,
અને કર્મે મારે જગ રખડવાનું, બહુ થયું,
ગયો છું જ્યાં જ્યાં હું તહીંથી શીખવાનું કંઈ મળ્યું,
ખરે! તારી શાળા જગતભરમાં વ્યાપ્ત પ્રભુ! શું! ૬

ભુલાઈ છો જાતા, જગત વ્યવહારો, ન પરવા,
ભુલાતાં સ્નેહીઓ, પ્રિય સ્વજન, તોયે ન પરવા,
ભલે ભુલાતું છો ઘર, જગત આખું, ન પરવા,
ભુલાવા ના દેજો પણ તુજ સ્મૃતિ એક પ્રભુ! હા. ૭

* પ્રહાર

મને જ્યાં જોઉં ત્યાં પ્રભુ! બહુ બધે બંધન દીસે,
અને સંજોગોથી વળી હું જકડાયેલ જીવને,
તને જોડીને બે કર, શિર નમાવી, વીનવું કે,
થવા સૌથી મુક્તિ, મુજ જીવનને હામ પ્રભુ! દે. ૮

ભૂલો જો જોશે તું મુજ જીવનની, પાર નવ કૈં,
હજીયે એવું તો મુજમહીં અસંબદ્ધ ઘણુંયે,
પડેલો છું ફાંસે જહીંથી સમજ્યો તે હું મનમાં,
પ્રભુ! તે વેળાનો બહુ મથી રહ્યો છું નીકળવા. ૯

અરે! જોને કેવું પ્રભુ! કમળ જન્મી જળ થકી,
નિરાળું રે' છે તે, વળી બનતું શું લિપ્ત ન જરી !
રહેવાજો એવું મુજથી અહીંયાં આ જગતમાં,
ઢળી તારે પાદે મુજ હૃદય આશા અવર ના. ૧૦

કર્યાં હંમેશાંયે કરું ઊંડું જ પૃથક્કરણ હું,
જણાયે છે તેથી મુજથી બનતી ભૂલ મન સૌ,
સુધારી તે દેવા મથું તુજ કૃપાના બળ વડે,
થવાવા એ રીતે મન, ચિત્ત, હૃદે શુદ્ધ, બળ દે. ૧૧

દુઃખોનું છે તૃષ્ણા મૂળ, હું કરવા તે દૂર ચહું,
પરોવેલાં હોવાં મન, ચિત્ત, તું - માં તેથી શું મથું!
પ્રયત્નોમાં મારા પ્રભુ! બળ તું દેજે તુજ સદા,
ભુલાતાં લૈ લેજે પ્રભુ! પથ સીધે, તું કરી કૃપા. ૧૨

નિરાશાથી મારા મન પર થઈ છે અસર હા !
ભુસાતી ના કેમે બહુ બહુ વિચારો ઊપજતા,
હતો કેવો ઊંડો મુજ હૃદયમાં નિશ્ચય છતાં,
જતી દીસે લજ્જા, મુજ પર પ્રભો! તું કર દયા. ૧૩

બધાં પાપો મારાં પ્રભુ! જગવી જ્ઞાનાગ્નિ હૃદમાં,
ધરી છે આશા મેં, જડમૂળ થકી ખાક કરવા,
હજી તો જો પૂરું તુજ મન ન આસક્ત બનિયું,
બધી છોડી વાતો, તુજ નજરમાં ત્યાં રાખ સ્થિર તું. ૧૪

મહાપાપી હું તો, મુજ સમ જગે એક બસ જે,
શિરે મારે તોયે અનુગ્રહ કર્યાં તું બહુ કરે,
શક્યો જાગી તેથી હૃદયમહીં કૈં ઊતરી શક્યો,
અને જૂઠું મારું રૂપ ઉપરનું પારખી શક્યો. ૧૫

ઊંડાં ઘાલેલાં છે મૂળ વિષયનાં અંદર, પ્રભુ!
હું જાણું છું તેવા કરી છૂટું ઉપાયો મથી બહુ,
ન મારી શક્તિ તે પ્રભુ! ગણતરીમાં કંઈ કશી,
અગાડી હૂંફેથી તુજ, પ્રભુ ચલાશે મુજ થકી. ૧૬

ભરી મુઠ્ઠી મુઠ્ઠી જીવનધન મેં વેડફી દીધું,
હવાં રોવા બેઠો કર શિર ધરી બેઉ મુજ હું,
છતાં બાજી હાથે સમજી, કરતો યત્ન પ્રભુ! હું,
મને પાછું મારું ધન કરવી દે પ્રાપ્ત મૂળનું. ૧૭

હજી કેમે મારું પ્રભુ! હૃદય ભીનું નવ થતું?
નથી રંગાતું તે કંઈ કંઈ પ્રયોગ કરું, પ્રભુ!
ગણી તારું જો તું મુજ પર દયા પૂર્ણ કરશે,
નવું, સૂકી સૃષ્ટિ પર, જીવન પાછું પ્રગટશે. ૧૮

જુદી વૃત્તિ જાગી મુજ હૃદય તોફાન જગવે,
અને ઉદ્વેગે શો તરફડી મરું રાતદિવસે !
મથાવે છે ભારે વળી ડગમગાવે શું મન તે!
છતાં કંટાળાથી નવ ડરી, સ્મર્યાં હું કરું તને. ૧૯

વિચારો આડા જ્યાં મનમહીં સ્ફુરે તે પળ મને,
મુઝારો આવે છે હૃદય અનુભવેલો ન કદીયે,
વળી છૂટે મારી પર બહુ જ ધિક્કાર મુજને,
મને આનાથી તો મરણ અદકું પ્રિય પ્રભુ! દે. ૨૦

પ્રભો ! જન્મ્યો જ્યારે હઈશ, વિધિ ત્યારે છઠ દિને,
નિમંત્રેલી કર્મે ઠમકઠમ ચાલે નીસરીને,
અને આવી પાસે કલમ લખવા જ્યાં ગ્રહી હશે,
અરે! તે વેળાએ કરથી પડી ના કેમ ગઈ તે! ૨૧

પ્રભો ! કેવું મારું હૃદય નબળું ! ખ્યાલ મુજને
સદા રે'તો એનો સતત, કરું જોયા હૃદય તે,
કરું રાખ્યા હું તો મુજ નજર સામે 'કરવું શું ?'
છતાં માગું, દેજે ધીરજ, બળ ને હિંમત પ્રભુ ! ૨૨

ભલે રેલો આવે જ્યમ જળતણો તે વહી જશે,
વિચારો છો આવે ત્યમ મનમહીં સૌ સરી જશે,
નિશાની રે' એની પણ ન જરી તે સાવધ રહું,
અને કેમે મારું કદી નવ ચૂકું ધ્યેય મનનું. ૨૩

'કૃપાની ગંગા તે પરમ તુજ કાં ના ઊતરતી!'
'વહેવા માંડે છે કઠણ તપના તે બળ થકી,'
હું સ્વચ્છંદીમાં તે કહીં થકી મળે એવું બળ તે?
છતાં શ્રદ્ધા, કો દી શકીશ પિગળાવી પ્રભુ! તને. ૨૪

બધી બાજુઓનો મુજ ભય ટળ્યો છે નવ હજુ,
છતાં આશા રાખું તુજ તરફની તોય પણ હું,
કરે શેખી જેવી ફૂવડ વહુ તેવો જ પ્રભુ! હું,
મને, આવેલો છું શરણ સમજી, રક્ષ પ્રભુ! તું. ૨૫

મને જે જે રાખે તુજથી દૂર એને તજી શકું,
ઊંડી એવી શક્તિ હૃદયમહીં દે ઉગ્ર પ્રભુ! તું,
મને જેમાં તેમાં મદદરૂપ છે એક પ્રભુ! તું,
દિલાસો દુ:ખીનો જગતભરમાં માત્ર પ્રભુ! તું. ૨૬

રચ્યાં કીધાં સ્વપ્નો મુજ જીવનમાં આજ સુધી મેં,
હવામાં ઊડ્યા મેં કર્યું, બીજું કર્યું છે ન કંઈ મેં,
હવાં એ પાયાની પર હું ચણવા મંદિર મથું,
ફવાતાં ના, કાઢું તુજ ઉપરથી વાંક વળી હું. ૨૭

હજી લુચ્ચું મારું મન ઝટ વળે પંથ અવળે,
બહુ ખેંચી તાણું પણ ન પદ* રંગાય પૂરું એ,
ભલેને તે દોડે પણ થઈશ હું સંમત નહીં,
અને એની જોડે કરીશ ઝઘડ્યા નિત્ય હઠથી. ૨૮

ચૂક્યો છું વેચાઈ મનથી તુજને તોય મનડું,
કરી ચોરી તારી નિજની છૂપવ્યા જાત કરતું,
ન ખંધું કો એના સમ કંઈ હશે વિશ્વમહીં આ,
પડું પૂરો એને ક્યમ કરી હું? દેની તુજ કૃપા. ૨૯

કહે તું ગોંધાઈ કહીં સુધી રહેશે નરકમાં?
તને ત્યાં લાગ્યું શું દિલ નવ કરે છોડી શકવા!
અહા! તારા જેવું અધમ કહીં મેં કો ન નીરખ્યું,
સવેળા જાગી જા સમય હજી છે,ઊંઘ તજી તું. ૩૦

મળ્યો છે મોંઘો જે અવસર તને તું ન ચૂકજે,
ફરી વારે વારે તક નહિ મળે આવી તુજને,
તને સદ્ભાગ્યેથી અમૂલખ હીરો હાથ મળિયો,
ગમે ત્યાં ફેંકી ના દઈશ, લઈ લે લાભ પૂરતો. ૩૧

* વિષયરૂપી

ત્રિતાપેથી દાઝ્યો સહન ન થવાથી પદ ઢળ્યો ,
કૃપા તું વર્ષાવી શીતળ કરજો આ શિશુ પ્રભો !
રખે જો જોશે તું મુજ કરણી સામું, કહું નકી,
નહીં આવે આરો કદીય પણ મારો, પ્રભુ ! પછી. ૩૨

કરું મોટી વાતો મુજ, હું હરખે ડા'પણભરી ,
નથી જ્યારે એવું મુજમહીં પૂરું દૈવત કંઈ,
મને એ રીતે હું કદીક ઠગતો, ધિક્ક મુજને !
તને પાયે લાગું લળી લળી પ્રભો! માફ કરને. ૩૩

ગુનાઓ જે જે કૈં મુજ થકી થયેલા પ્રભુ ! હશે,
બધી શિક્ષા એની સહી લઈશ જે હું પર થશે,
છતાં મોટો છે તું, વળી નિધિ દયાનો તું પ્રભુ ! છે.
પડ્યો છું તારે હું શરણ, કરવું યોગ્ય કરજે. ૩૪

'ન ચાલે છે મારું મુજ પર કશું,' દુઃખ મુજ એ,
મને સાલે ઊંડું મુજ મન પરાધીનપણું તે,
તને યાચું ઊંડું મન, હૃદયમાં પ્રેર બળ તું,
પ્રભો ! જેથી મારું દૂર કરી શકું નિર્બળપણું. ૩૫

શિશુ હું તો મૂર્ખું બહુ રવડતું ને રખડતું,
છતાં એવા મારે ચરણ અનુસંધાન કરવું,
હૃદે એ જિજ્ઞાસા કરી શકીશ હું મૂર્ત સ્વરૂપે,
કૃપા જો તારી હો, વળી રહીશ જો મારી મદદે. ૩૬

કર્યો'તો સેવ્યા મેં મનમહીં ઊંડો* સર્પ વિષનો,
છતાં હું મૂર્ખાને ખબર ન હતી એની કંઈ જો,
હવાં આ વ્યાપેલું વિષ ક્યમ ઉતારી શકીશ તે ?
કૃપામાં છે શ્રદ્ધા તુજ પ્રભુ ! મને જે બચવશે. ૩૭

વિના આંખોનો હું, પગ વગરનો, હાથ પણ ના,
શકે શું સાધી તે પ્રભુ ! તુજ હશે જો મદદ ના ?
વિચારોની સાથે મુજ જીવનનો મેળ કરવા,
પ્રભુ ! તું પાસેથી મદદતણી આશા ધરું સદા. ૩૮

બળ્યા ઉદ્વેગે હું બહુ જ કરું, ના શૈત્ય વળતું,
મને કો રીતેથી હૃદયમહીં ના ચેન પડતું,
વિતાવ્યા કષ્ટેથી દિવસ કરું મારા ગણી ગણી,
મને ક્યારે સુખી પ્રભુ ! બનવશે તું નિજ લહી, ૩૯

* વિષયરૂપી

પ્રભુજી ! ક્યારે હું સુધરીશ પૂરો મૂળ સ્વરૂપે ?
અને વૃત્તિ ક્યારે તુજ ચરણમાં મારી ઠરશે ?
પૂરી શાંતિ લેવા તુજ શરણ આવ્યો પતિત હું !
ચખાડી દે તારા પ્રણયરસનો સ્વાદ કંઈ તું. ૪૦

પહેલાં તો મારા બળ થકી તને પામી શકવા
ભીડી'તી મેં બાપુ ! મુજ હૃદયમાં હામ પણ હા !
પ્રભો ! એવી રીતે કંઈ નવ મળ્યું આથડી મર્યે,
હવાં જાણ્યું મારા બળતણી કશી કિંમત ન છે. ૪૧

હશે ક્યાંયે બુટ્ટી અરર ! બગડ્યાની શું ન કંઈ ?
પડ્યા છે હેઠા જો મુજ કર ! બને કૈં ન મુજથી,
હૃદે તાપે તેવું બહુ બળી રહ્યો છું, બચવજે,
બધુંયે મારું લે જતું કરી હવાલે તુજ પદે. ૪૨

હવે તો સામું જો, અધવચ રહ્યો સાવ અટકી,
ઊંચા સાદે પાડું બૂમ પ્રભુ ! તને માથું પટકી,
કશું ના પામ્યો હું, અમથું મરિયો ખૂબ ભટકી,
ઉપાયોથી કોટી પણ ન મુજને લાગી ચટકી. ૪૩

પ્રભો ! શાથી મારા પર ન વરસાવે તુજ કૃપા ?
અભાગી ! આશાથી કઈ જીવી રહ્યો છે ? શું કરવા ?
દિનોથી કૈં છૂપ્યો રવિ પણ દીસે આખર નકી,
નિરાશામાં તેવી જરૂર તુજ આશા વસી રહી. ૪૪

કરીને તૈયારી પથ હું નીકળ્યો, ત્યાં અધવચે,
અને ગાડું ઘાંચે* અટકી પડિયું છે, મદદ દે,
રચેલા આદર્શો જીવનમહીં ઉતારી શકવા,
વળી આવ્યો તારે શરણ, પૂરું હું તો સમજવા. ૪૫

'વિસારી શેં દીધો ગરીબ જનને આમ પ્રભુ ! તેં ?'
'અરે ! પાણી જાતું નવ નીરખતો હું પગ નીચે !'
બન્યો હું તો મૂર્ખો, પણ શું મુજ જેવો તું બનશે !
ભરોંસો, 'પોતાનું શિશુ કદી ન માબાપ તજશે.' ૪૬

તને રાજી રાખી શકું ત્યમ હુંથી યત્ન બનજો,
હંમેશાં કર્તવ્યે મુજ મતિ પ્રભો ! સ્થિર ઠરજો,
પ્રભો ! મારે માથે તુજ વરદ બે હાથ ધરજે,
મને સંભારીને મુજ પર કૃપાદૃષ્ટિ કરજે. ૪૭

* ચીલાનો ખાડો

કયું સારું ને શું નરસું ? કંઈ તે હું ન સમજું,
મને બુદ્ધિ દેજે તુજ પ્રતિ વધી આગળ શકું,
લગાડી દે એવાં મન, હૃદય ને બુદ્ધિ તુજમાં,
ભૂલી કે જાયે તે અવર વ્યવહારો વિષયના. ૪૮

કરું શું એવું કે થઈ જઉં પૂરો શુદ્ધ જીવને ?
હઠાવા દોષોને મુજ, તુજ કૃપાનું બળ તું દે,
હશે મારું બાપુ ! કંઈક વળી પ્રારબ્ધ નબળું,
પુરુષાર્થે હું તે કરીશ દૂર, ચિંતા નવ ધરું. ૪૯

ઉતારે બીજો ના તુજ વગર કો પાર મુજને,
પ્રભો ! તેથી તારા પદ ગ્રહી રહ્યો છું, મદદ દે,
જરીકે તું પાસે મુજ બળ વિસાતે નવ કશું,
સદા તું આધારે મુજ હૃદયમાં હિંમત ધરું. ૫૦

કશું ધાર્યું મારું બનતું જરી જ્યાં બાપ ! નવ છે,
પછી કૈં કે'વું તે બકબક કરી વ્યર્થ સહુ તે,
પ્રભો ! તેથી સોંપી મુજ સહુ દીધું છે તુજ પરે,
મને જેવો હોયે પ્રભુ ! બનવવો, તું બનવજે. ૫૧

થશે મારાથી શું ? તૃણ સમ પ્રભો ! જીવ તુજ હું,
છતાં જે તે તારી રહમથી પુરુષાર્થ કરું હું,
પ્રભો ! રે'વા દેજે તુજ તરફ મારી નજર તું,
વળી આજ્ઞામાં હું તુજ રહી શકું, એમ કર તું. ૫૨

પ્રભો ! સંસારેથી મુજ મન અનાસક્ત બનજો,
અને પાદાંબુજે તુજ સતત, આસક્ત ઠરજો,
વળી ધ્યેયેથી કૈં મુજ થકી ડગાજો નવ જરી,
સદાયે તારામાં મનન થતું રે'જો હૃદયથી. ૫૩

ભરાજો ના ડાબી તરફ ડગ કો દી મુજથી ને,
સદા દેજે તારી તરફ વધવાની ગતિ મને,
વળી રે'જો એનો સતત મુજને ખ્યાલ હૃદયે,
ન થાયે જેથી કૈં મુજ નજર આડીઅવળી કે. ૫૪

પ્રભો ! બોલું જેવું ત્યમ જીવનમાં વર્તન હજો,
મને એ કાજેનું હૃદયમહીં પૂરું બળ પૂરો,
ચલાયે જો ઊંધું મુજ થકી કદી કૈં વચનથી,
મને રાહે લેજે પૂરતી દઈ શિક્ષા જરૂરથી. ૫૫

છૂટું રોગોથી હું પ્રભુ ! કરી કૃપા દે ત્યમ મને,
મહારોગોમાંહી બહુ જલદ આ રોગ મન છે,
વળી કોટી યત્ને મુજ, કદીય નિર્મૂળ ન થશે,
દવા એ કાજે તો પ્રભુ ! તુજ કૃપા માત્ર બસ છે. ૫૬

પૂરી હું પોતાની સમજણ નથી આવી મુજમાં,
મને રસ્તે, એથી, નડતી બહુ મુશ્કેલી વચમાં,
અવિદ્યાને મારી પ્રભુ ! હઠવી દે દૂર વીનવું,
મને જાણી તારો શરણજન, દે હાથ પ્રભુ ! તું. ૫૭

વિપત્તિઓ મારી તુજ સ્મરણથી દૂર હઠજો,
હૃદે એ શ્રદ્ધાથી દુઃખ હું ગણકાર્યાં કરું ન કૈં,
ફસાવે છે તોયે મનની નબળાઈ કદી મને,
પૂરી શ્રદ્ધા તુંમાં ધીરજ, બળ, પૂરાં જગવજે. ૫૮

મને જેમાં તેમાં જીવનમહીં આધાર પ્રભુ ! તું,
કરે છે આપ્યા તું મદદ મુજને તે ક્યમ ભૂલું ?
દયાની આશા કો તુજ વગર બીજાની પછીથી
ધરું શાની કે'ની ? તું જ, મુજ છે આલંબન જહીં. ૫૯

અસંસ્કારી છું હું તુજ પદ ઢળ્યો છું સુધરવા,
જહીં, અજ્ઞાની હું ભૂલ કરું, મને વાળ પ્રભુ ત્યાં,
તને હું જેવો કો બુડથલ મળ્યો શિષ્ય ન હશે,
પડ્યો જ્યાં પાને તે, પ્રભુ ન છુટકારો તુજ હવે. ૬૦

બધી ઇંદ્રિયોને સતત પ્રભુ ! હું રોકી શકવા
મથું તોયે એના વિષયથી જતું ચિંત્વન ન કાં ?
પૂરો તેથી જાણું હૃદય નથી વૈરાગ્ય પ્રગટ્યો,
હશે મિથ્યાચારી મુજ સમ બીજો ક્યાંય પ્રભુ ! કો ? ૬૧

ઘણાં ગોથાં ખાધાં અરર ! બહુ હેરાન હું થયો,
ગયો જ્યાં જ્યાં ત્યાંથી મુજ પર ઘણો માર પડિયો,
શીખ્યો તેથી થોડું, કંઈક મતિ આવી પ્રભુ ! મને,
કૃપા એ તો તારી, મુજ થકી બન્યું બાકી શું હતે ? ૬૨

ભલું બીજાઓનું કરી નહિ શકાતું મુજથી કૈં,
અને સેવા હુંથી પણ જગતની ના બની શકે,
નકામી કે'વાતી ચીજ પણ પ્રભુ ! કામની બહુ,
અરે ! એ જોતાં, હું અતિ અધમથીયે અધમ છું. ૬૩

હશે આડી ત્રાટી કપટતણી કૈં તેથી કરીને,
તને ના થાયે છે પ્રિયતમતણી ઝાંખી હૃદયે,
ફગાવી દેની તું તુજ હૃદયના સંશય બધા,
પ્રભુને એકાગ્રે ભજ, મન રહી નિર્મળ સદા. ૬૪

ઘણું પશ્ચાત્તાપે હૃદય તપવ્યું મેં ત્યમ છતાં,
કસોટીએ પૂરું ઊતરી શકતું તે હજીય ના,
'પુરુષાર્થીને તું સતત બળ વિશ્વાસ ઉર દે'
જીવું એ શ્રદ્ધાએ અવર કંઈ આધાર ન મને. ૬૫

પ્રભો ! તારે દ્વારે ભટકી રખડી ખોળ કરતો,
કૃપાથી સદ્‌ભાગ્યે જ્યમ ત્યમ કરી આવી ચઢિયો,
તને કે વેળાનો ઉર બહુ કર્યા સાદ કરતો,
મને લેવામાંહી, પણ તું નવ દે ઉત્તર પૂરો. ૬૬

કરેલા ધ્યેયેથી કદી મુજ ન પ્રવૃત્તિ ખસજો,
અને ત્યાં ચોંટેલું મન, ચિત્તતણું ધ્યાન ઠરજો,
થતાં સૌ કામોમાં મુજ થકી સદા મેળ બનજો,
પ્રભો ! એવી મારી પર તુજ કૃપા તે ઊતરજો. ૬૭

‘કરાશે ક્યારે સૌ મુજથી મમતા રાગ દૂર તે ?’
હંમેશાં એનું એ મુજમહીં થતું ચિંત્વન હૃદે,
કરે જે પોતાને મદદ, પ્રભુ રે’ એની પડખે,
થતો તુંથી તારો, કરી છૂટ પુરુષાર્થ મન દૈ. ૬૮

સધાશે તારાથી કંઈ જ પણ ના વિહ્વળ થયે,
સદા હૈયે રાખી અતિ ધીરજ તું કામ તુજ લે,
વળી ચેતી ચાલી તુજ ડગ વિચારી તું ભરજે,
તને જેથી કો દી હૃદય કદી પસ્તાવું ન પડે. ૬૯

જવા જોવા ક્યાંયે જરૂર ન હતી, અંતરમહીં,
કરી હોતે તેં જો નજર, સમજ્યો તું હત નકી,
હજીયે મોડું કૈં નથી થયું, સવેળા સમજીને
બધા તારા જોરે ઝટ પતવી લે કામ તુજ એ. ૭૦

સ્વીકારાજો હુંથી મુજ ભૂલ ગમે તે પણ થતાં,
અને પ્રેરાયેલા પથ ગમ જવા, દે બળ કૃપા,
ઊંડું ભાવે તારું સતત મુજથી ચિંત્વન થજો,
અને બુદ્ધિ મારી કદી વિપથગામી ન બનજો. ૭૧

બધાયે મારા દી શ્રવણ, મનને ચિંત્વનમહીં,
ગળાયે સંજોગે મુજ થકી પ્રભો ! જે તુજમહીં,
વિના તે કો સાચું અવર સુખ ક્યાંયે જગ નથી,
મને વૃત્તિ દેજે સતત પ્રભુ ! તેવી હૃદયની. ૭૨

ભલે બાહ્યાચારો જગ તુજ હશે શુદ્ધ સઘળા,
તને કૈં એનાથી નથી જ મળવાની કશી મતા,
કૂંડાળે એના એ પડી ન રહેતાં, દૂર કહીંયે
જવાનું છે તારે, ભૂલી જઈશ ના તે મન વિશે. ૭૩

લઉં ના ધ્યાને જે બનતું પછવાડે મુજ હશે,
અને આંખો સામે મુજ બનતું જે, જોઉં નવ તે,
કશાનો કૈંયે ના, હૃદયમહીં હું ખ્યાલ ધરું છું,
સદા હાવાં હું તો પ્રભુ ! નિત બની અંધ રહું છું. ૭૪

જવાનું મારે જ્યાં પ્રભુ ! હતું જવાયું તહીં નથી,
રહ્યો વચ્ચે હું તો પ્રભુ! લટકતો છું અકરમી,
પહેલાંના જેવી મુજ હૃદય ચિંતા કંઈ નથી,
કર્યાં ભેગાં હોતે નહિતર જ આકાશ-પૃથિવી. ૭૫

ન ચિંતા બોજાની મુજ ઉપરનાની કંઈ ધરું,
અને હંમેશાં હું મુજ ગતિમહીં મસ્ત રહું શું !
ગમે જ્યાં ત્યાં મારે મન, રખડતો બાપ ! ફરું હું,
સ્વભાવે એ જોતાં જરૂર પ્રભુ ! હું ગર્દભ જ છું. ૭૬

પ્રભો ! ગાંડા પેઠે લવરી લવતો શો મૂરખ હું !
નથી ધંધો બીજો બકબક કર્યાં માત્ર કરું છું,
રખે કંટાળે કૈં પ્રભુ ! મુજથી જોજે ! જરીય તું,
કહેવાનું મારે સ્થળ પ્રભુ ! રહ્યું એક બસ તું. ૭૭

પુરુષાર્થેથી જે નવ મળી શક્યું, તે પદરજે,
મળ્યું કૈં સદ્‌ભાગ્યે હરિજનતણીથી ગરીબને,
હતી શ્રદ્ધા ના કૈં, મુજ મતિ બહુ તર્ક કરતી,
વિચારો ઊંધા તે કરતી હતી હાવાં જરી ઠરી. ૭૮

ફર્યું ના કો પાછું પ્રભુ ! તુજ દીઠું દ્વાર પરથી,
નિરાશામાં તેથી વિવશ બની ના બેસું પ્રભુજી !
પ્રવાસે વિશ્વાસે તુજ હું નીકળ્યો છું, અડચણે,
મને વારે વારે હૃદયમહીં તેં હામ દીધી છે. ૭૯

ઢળી શીખ્યો તારે ચરણકમળે સ્વાશ્રયી થવું,
કમાયો તેથી ને અનુભવી શક્યો જોર મુજ હું,
કૃપા વિના તારી બની શક્યું હતે કૈં ન મુજથી,
પ્રભુ ! તારો માનું ફરી ફરી હું તો પાડ હૃદથી. ૮૦

અહંકારે હું તો કદી કદી ફુલાઈ બહુ જઉં,
અને ખોઈ બેસું મન ઉપરનો કાબૂ પણ હું,
મને ત્યારે શો તું પ્રભુ ! કરી કૃપા જાગ્રત કરે !
જિવાડે છે એવા કરી તું ઉપકારો પ્રભુ ! મને. ૮૧

વિચારો વિકારી હજીય મુજ કેડો નવ મૂકે,
મને ક્યાંનો ક્યાં તે ઘસડી જઈ ફેંકે દૂર ઘણે,
બને જ્યારે આવું, મન હું હઉં ના સાવધ પૂરો,
હું તો હૈયે ત્યારે પ્રભુ ! તુજ બની સ્વસ્થ બનતો. ૮૨

અશ્રદ્ધાથી મારું કદી કદી ડગી જાય મનડું,
વિચારો ક્યાંના ક્યાં ઘડી, અવનવે રંગ ચઢતું,
હું થાક્યો છું એના અતિશય જ સ્વચ્છંદથી પ્રભુ !
હવાં ફંદે એને તુજ ફસવી દે, તાત ! વીનવું. ૮૩

નહીં સંતોષાતાં શિશુ, પગ અને માથું પટકે,
પિતા કાં તું મારી હૃદયમહીં ના લાગણી ધરે ?
રડી જાણું તારે ચરણ શિશુની જેમ પ્રભુ! હું,
બીજો કોઈ દાવો તુજ પર નથી હું પતિતનો. ૮૪

ઉમંગેથી નિત્યે રટણ કર તું નામ પ્રભુનું,
રખે છોડી દેતો તલપ પ્રભુના નામતણી તું,
જગે પૈસા દે છે જન મજૂરીના તો ક્યમ તને,
પ્રભુ ખાલી રાખે ? ત્યમ સમજી રે' લગ્ન હૃદયે. ૮૫

વિલાસો ને સુખો ધનવિભવકેરાં નહિ ગમે,
કરું શું એને હું ? પ્રભુ ! તુજ દયા માત્ર બસ છે,
વિના તું ક્યાંયે ના અવર સ્થળ આરામ મળશે,
પ્રભો ! તેથી તારા પદ કરું સ્તવ્યાં નિત્ય હૃદયે. ૮૬

પ્રભો ! કેવી રીતે મુજ મન સુધારી શકું કહે ?
પડેલી ટેવોને ભૂલતું નથી કેમેય કરીને,
હથોડીથી ટીપ્યાં સતત કરીને સંયમતણી,
જતાં આડું રોકી પ્રભુસ્મરણમાં લીન કરની. ૮૭

મને હૈયામાં છે પ્રભુજી ! તુજ આશ્વાસન ઊંડું,
દુઃખોની શાને હું પછીથી પરવા કૈં મન ધરું ?
હતે જો ના આશા મુજ જીવનની તારી પર તો,
થયું શુંનું શુંયે મુજ હત ! ન કલ્પી શકું કશું. ૮૮

મને માથે મોટી તુજ મદદ તેથી ટકી શકું,
પ્રભો ! કે વેળાનો નહિતર ગયો હોત પડી હું,
રખેને ! કૈં ઓછી રહમ તું કરે મારી પરથી,
ડરી તેથી ચાલ્યા કરું સતત હું તો તુજ થકી. ૮૯

પ્રભો ! ન્યાયી તારા સમ અવર કો ક્યાંય નવ છે,
છતાં તારા જેવો અવર ન દયાળુ કહીંય છે,
દીધો હોતે જો તેં અદલ પ્રભુ ! ઈન્સાફ મુજને,
શકું હું કલ્પી ના'થઈ કઈ દશા હોત' મુજ તે. ૯૦

ખૂટી જાશે ખાવું, પથિક ! પછીથી તું શું કરશે ?
વીલે મોઢે તારે અધવચ ભૂખ્યા રે'વું પડશે,
કહ્યું છે : 'ઓટીનું નહિ જ ખપ આવે કંઈ કશું,
જીતે મુઠ્ઠીમાંનો', સમજી સજી લે સાજ સઘળો. ૯૧

જુવાની દીવાની તુજ વહી જશે શી પલકમાં!
કરી લેવાનું હો, ઝટ તું કરી લે આ સમયમાં,
પછીથી કો જાણે તુજ હૃદય ઉત્સાહ રહેશે !
કરી લે આજે તું ભરતી તુજમાં જ્યાં ઊભરી છે. ૯૨

‘બધાંનોયે હું તો પ્રિય થઈ રહું આ જગમહીં’
રહેવાજો એવું મુજથી પ્રભુ ! એ માગું તુજથી,
વહ્યું જાયે કેવું સરિત-જળ પ્રત્યે જળનિધિ!
વહ્યું જાજો તેવું મુજ જીવન નિત્યે તુજ પ્રતિ! ૯૩

બધાં કાપી નાખી મનહૃદયનાં બંધન મને
પ્રભો ! ક્યારે છૂટો કરીશ ? કંઈ તું રે’મ કરને,
અભાગીને કર્મે કદીય પણ શું સુખ ન હશે ?
ભલે તો તેવાયે દિવસ પણ મારા વહી જશે. ૯૪

તવાયેલા મારા હૃદયની તને છે વિનંતી કે
કૃપા દાખી મારી પર, તું મુજ સંતાપ હરી લે,
‘તહારાથી એને તુજ વધુ પડી છે’ સમજજે,
વધારે ડાહ્યો થૈ બહુ ન ખરડાઈશ મને લ્હે. ૯૫

ભર્યો આશાથી હું તુજ શરણ આવ્યો પ્રભુ ! હવે,
મને પાછો ખાલી કર થકી શું ધક્કેલી મૂકશે ?
હજી શ્રદ્ધા શું ના પ્રભુમહીં જરાકે પણ તને ?
વિચાર્યું ના હોતે નહિતર કદી આવું મન તેં. ૯૬

‘કમાઈ પૈની ના, ઘડીની નવરાશે પણ નથી.’
કર્યે એવા ધંધા કહીંથી સરશે અર્થ પછીથી ?
વૃથા બૂમો પાડ્યે કંઈ જ વળવાનું તુજ નથી,
નકામું આ રીતે બળ કરીશ શું વેડફી દઈ ? ૯૭

પડેલો ભૂલો હું અટવઈ મરું, ભાળ મુજ લે,
વિના તારા કોઈ અવર જનની ઓથ ન મને,
કસોટીથી શ્રદ્ધા તુજ પરની તો ઓર વધતી,
વિપત્તિમાં સાચી, અનુભવ્યું , પરીક્ષા થઈ જતી. ૯૮

રહેવામાં પ્રેમે હૃદય થકી આધીન પ્રભુને,
સમાયેલું તારું બહુ જ હિત લે ધ્યાનમહીં તે,
ઘણીયે વેળા આ અતિ જરૂરનું તત્ત્વ તુજને
જણાયું છે તોયે ક્યમ ન સમજે મૂર્ખ મન રે! ૯૯

પ્રયત્ને, શ્રદ્ધાથી વળી તુજ કૃપાના બળ વડે,
ત્રણેના મેળે હું જરૂર મુજ ધાર્યું લઈશ તે,
અરે ! ક્યાંથી આવો તુજમહીં અહંકાર મનવા !
પડી છાનુંમાનું કર તુજ કર્યાં કામ જ સદા. ૧૦૦

રહ્યો છે બેસી કાં કર શિર દઈ વિવશ બની ?
વિના કૈં વાવ્યાં તું લણણી લણશે શું કહીં થકી ?
ઊભો થા ! જ્યાં સુધી તુજ જીવનનું ધ્યેય ન ફળે,
મચ્યો રે, શ્રદ્ધાથી જરીય પણ ના થોભ કહીંયે. ૧૦૧

કરાજો કર્મો સૌ મુજ થકી કરી અર્પણ તને,
તને અર્પેલું સૌ, હૃદયમહીં વિશ્વાસ, ઊગશે,
બીજાં કર્મો તારાં નડતર થવાનાં જ તુજને,
હૃદે એવું જાણી દૃઢ સમજી ચાલ્યા કર હવે. ૧૦૨

મને થાવા પાકું, સહુ રીતથી, સંસાર મળિયો,
ભગાવા તેમાંથી કદી પણ મને ના મન થજો,
ભલે વિઘ્નો આવે, જરૂર મુજને તે શીખવવા,
થવાવા પાકો ને અનુભવ મને ત્યાં દૃઢવવા. ૧૦૩

તને લ્હેવા માટે મુજ શરીર કેવું જરૂરી છે !
મળેલું તે રીતે જગ, નિસરણીરૂપ મુજને,
વસે જ્યાં ત્યાં કેવો ભરપૂર ભરેલો ભરચકે !
કરાવો સંસારે તુજ પ્રતીતિ એવી મુજ હ્રદે. ૧૦૪

'જવાયું છે ઊંધું, ક્યમ કરી જવાશે પથ સીધે ?'
કરું છું વિચાર્યા સતત બહુ તે હું મન વિશે,
થઈ છે જિજ્ઞાસા, જરૂર ઊજળું ભાવિ દીસતું,
પડ્યું ઘાંચે ગાડું તુજ નીકળશે, રાખ ધીર તું. ૧૦૫

વિચારોમાં હું તો સમજી શકતો બાપ ! સઘળું,
છતાં જ્યારે આવે સમય કરવાનો તહીં હઠું,
અરે ! એ લાચારી મુજ કથવી કોને કહીં જઈ !
પ્રભો ! હું તો જીવું તુજ બળતણી આશ જ થકી. ૧૦૬

ખરે ! સાચેસાચો નિરલજ, મને લાજ નહિ છે,
નથી દેતો તોયે ફરી ફરી હું માગું તુજ કને,
મને તુંથી રાખે દૂર દૂર છતાં હું વળગવા
કને આવું એવો નફ્ટ જન શો છેક પ્રભુ ! હા. ૧૦૭

થવાનું જેવું હો મુજ કંઈ ! ભલે તેમ બનતું,
કશી ચિંતા એની હૃદય ધરું ના કો દિવસ હું,
'પૂરેપૂરું ક્યારે તુજ શરણ પામીશ પ્રભુ ! હું,
સદા એ ચિંતામાં મનમહીં બળ્યા શો નિત કરું ! ૧૦૮

વિચારો કો બીજા અવર વિષયોના નવ કરું,
સદા ખ્યાલે તારા જીવન જીવવા હું મથી મરું,
છતાંયે તોફાની મરકટ પ્રભુ ! ભૂંડું મન જે,
સકંચેથી મારે છટકી જતું, એને ભૂરકી દે! ૧૦૯

વિના તારી કોની જગમહીં ન માગું મદદ હું,
સદા આધારે હું પ્રભુ ! તુજ રહેવા મથી રહું,
પડ્યો તારે પાદે શરણ, પછી કોની અવરની
હૃદે મારે આશા ધરવી ? પ્રભુ ! જોજે મુજ ભણી. ૧૧૦

'લીધી જેણે જેણે તુજ મદદ તેઓ ન ગબડ્યા,'
પ્રભો ! એ જાણ્યાથી તુજ શરણ આવ્યો મથી મહા,
ઠરીને ઠેકાણે પદ પડી રહેવા બળ મને,
પ્રભો ! આપી, યાચું : 'અભય મુજને તું બનાવી દે.' ૧૧૧

પ્રભો ! પૂર્વેના કો જરૂર મુજ સંસ્કાર હૃદયે,
કૃપાથી જાગ્યાથી, કંઈક વળી હું જાગ્રત થયો,
પ્રયત્નો શ્રદ્ધાથી તહીંથી કરવાના શરૂ થયા,
છતાં અંધારું આ ફીટતું નથી દેની તુજ કૃપા. ૧૧૨

રહ્યો પાપે પ્રોઈ, હૃદય તુજ ના ચિંત્વન કર્યું,
તને સંભાર્યો ના, મન મુજ ન કર્તવ્ય સમજ્યું,
ધૂળે આળોટ્યા મેં કર્યું, હૃદય મેલું મન, થયું
હવાં તે ધોવાને તુજ જળકૃપાથી મન ચહું. ૧૧૩

મને ઠેકાણે કો તુજ વગર લાવી ન શકશે,
મથી તેથી આવ્યો જ્યમ ત્યમ કરી હું તુજ કને,
હવાં ઈચ્છે તો દે પ્રભુ ! ઘટતી શિક્ષા પણ મને,
ગમે તે કો રીતે પણ બનવી દે લાયક મને. ૧૧૪

હૃદે સોસાઉં છું અમૂંઝણ થકી, શાંતિ પ્રભુ ! દે,
તને વારે વારે બહુ કહી ચૂક્યો, લક્ષ કંઈ દે,
ગયો છું હારી હું, હૃદય પ્રભુ ! શેં ધીરજ ધરું ?
મને દેતો રે'જે તુજ સતત આશ્વાસન ઊંડું. ૧૧૫

અરે ! જોને બાપુ ! પતન થયું છે કેવું મુજ આ,
કૃપાથી તારી કૈં મુજમહીં સ્ફુર્યું ભાન ઊડવા,
બધુંયે હું-માંનું, બળ હું અજમાવું, ત્યમ છતાં,
અવાતું ના ઊંચું મુજ થકી, હવે તો કર દયા. ૧૧૬

નિરાંતે જંપાશે જઈ શકીશ જ્યારે ઘરમહીં,
રહેવાનો ભારે દિલમહીં અજંપો તહીં સુધી,
મને તો જિજ્ઞાસા ક્યમ જઈ ઠરું હું મન ઘણી,
કૃપાપાંખો દે કે ઊડી ઘર પહોંચું હું જલદી. ૧૧૭

વિતર્કો , શંકાઓ, મન શી ઊઠતી દૂર કરજે,
વિસંવાદી મારાં મનહૃદયનો મેળ કરજે,
અને વિઘ્નો આવ્યે જીવનપથમાં, તું હઠવજે,
પ્રભો! મારે વ્હેવા મુજ સરળ તું માર્ગ કરજે. ૧૧૮

વિકારોથી હું તો ભરચક ભરેલો હૃદય શું !
પ્રભો ! મેલોઘેલો તુજ ચરણ એવો શરણ હું,
તને નિત્યે યાચ્યાં કરું હું, કરને લાયક મને,
પ્રભો ! આકાશે તું સતત મુજને ઉડ્ડયન દે. ૧૧૯

પ્રભો ! મારામાંથી દૂર તું કરને આળસ બધું,
વળી બાળી દેને મનહૃદયથી ક્રોધ પ્રભુ ! તું,
અહંતા હું-માંથી સમૂળગી કરી દેની દૂર તું,
શકું પહોંચી જેથી પ્રભુ ! તુજ કને એમ કર તું. ૧૨૦

વિતંડાવાદી છે મુજ મતિ પ્રભો ! નિર્મળ કરો,
તરંગોવાળું છે મુજ મન પદે સ્થિર કરજો,
વિકારોનાં કાપી જડમૂળ બધાં ભસ્મ કરજો,
વિચારોને મારા પ્રભુ ! કરી કૃપા શુદ્ધ કરજો. ૧૨૧

તને યાચું મારું પ્રભુ ! હૃદય દૌર્બલ્ય હણજે,
અને મંડ્યો રે'વા સતત મુજમાં જોશ પૂરજે,
પદે જેવો તેવો શરણ ઢળિયો તું નિભવજે,
સમુદ્રે, સંસારે મુજ જીવનનૌકા તરવજે. ૧૨૨

મને મારામાં તો હૃદય દૃઢ વિશ્વાસ બહુ છે,
જિવાતું રે'વાયે, મુજથી પ્રભુ ! તે કારણ વડે,
નિરાશામાં બાકી ટકી રહી શક્યો હોત નવ હું
કૃપા એવી હોજો મુજ પર સદાયે તુજ પ્રભુ ! ૧૨૩

દયાળુ છે માટે અરજ કરતો હું પ્રભુ ! તને
છતાં ન્યાયી પાછો, પ્રભુ ! તુજ મને તેથી ડર રે',
કર્યા દોષો હોયે પણ જનક પાસે તનય તે
ક્ષમા માગે, એવી રીત કરગરું હું તુજ કને. ૧૨૪

પીડાથી પોકાર્યા નિશદિન કુરું છું, નીરખને !
વિના તારા કોથી મુજ દરદ કેમે ન મટશે,
હૃદે જાણી એવું તુજ ચરણ સેવ્યાં પ્રભુ ! કરું,
દયા લાવી મારી, મુજ પર કૃપાદૃષ્ટિ કર તું. ૧૨૫

તને મારે પૂરું, પ્રભુ ! સમજવા કેમ જીવવું ?
ઊંડી એની ભારે કંઈ ગહનતા ના સમજું હું,
છતાં જેવો તેવો મુજથી બનતો યત્ન કરતો,
ઝીણી બુદ્ધિ દેને, તુજ ગમ વહેવા જીવન તો. ૧૨૬

બધાં ફેંકાવી દે મુજ હૃદયનાં આવરણ તું,
પડેલી છાપોને ભૂસવી સહુ નંખાવ પ્રભુ ! તું,
શીખેલું હૈયેથી પ્રભુ ! કરી કૃપા તું ભૂલવી દે,
અને જ્યાં ભૂલૂં ત્યાં ભૂલ સમજવા શક્તિ પ્રભુ ! દે. ૧૨૭

મને પાપી જાણી અનુગ્રહથી રાખીશ દૂર ના,
ગણી છોરું તારું મુજ પર દયા રાખ મનમાં,
મને આસ્થા, આશા તુજ પર પ્રભો ! છે હૃદયમાં,
ઉગારી લેશે ને સફળ કરશે જન્મ મુજ આ. ૧૨૮

થયેલાં પાપોનું કરી સ્મરણ, ના થાય ફરીથી,
કદી હું-થી તેવું સતત કરતો યત્ન હૃદયથી,
બધી વૃત્તિઓની પર ધરી શકું કાબૂ મુજ હું,
પ્રભો ! શક્તિ એવી મુજ હૃદય દે તું વીનવું હું. ૧૨૯

મને ઉદ્ભાવે જે હૃદયમહીં સંદેહ, પ્રભુ ! હું
શકું રૈ' એનાથી દૂર જ, મુજને પ્રેર ત્યમ તું,
વળી શોકે, હર્ષે સમ રહી મતિ, ચિત્ત તુજમાં
રહે મારાં એવી, ચરણ પ્રભુ ! દે ભક્તિ હૃદયમાં. ૧૩૦

હજી અંધારું આ મુજ હૃદયમાંનું ન ફીટતું,
અને પૂરેપૂરું હૃદય બન્યું ના કાચ સમ તે,
પ્રભો ! ત્યાં સુધીનું બધુંય મુજ કાચું જરૂર છે,
બનાવી દે પૂરું નિરમળ અને સ્વચ્છ પ્રભુ ! તે. ૧૩૧

પ્રભો ! હૈયાફૂટો, મતિ વગરનો બાળ તુજ હું,
અને બ્હેરો મૂંગો જરૂર પ્રભુ! હું અંધ વળી છું,
નકામો હું કેવો ! કંઈ પણ કરી કામ ન શકું,
મને એવાને દે તુજ પદમહીં સ્થાન પ્રભુ ! તું. ૧૩૨

કહીં તારા હું તો પદકમળ છોડી જઉં હવાં ?
ત્રિલોકે ના એવું સ્થળ મળી શકે ક્યાંય ઠરવા,
બધેથી કંટાળી રખડી ભટકી પાદ તુજ હું
ઢળ્યો છું, રે'વા દે ઠરી જ નવ શેં ત્યાં પણ પ્રભુ ! ૧૩૩

પ્રભો ! દોરી કીધી જીવન રૂપરેખા મુજ નકી
અને તે પંથે હું નીકળી પણ ચૂક્યો બહુ મથી,
મહામારી વચ્ચે ગડમથલ ભારે પણ મચી,
કૃપા વર્ષાવી તે કરગરી કહું, દે દૂર કરી. ૧૩૪

મને બુદ્ધિ આપી નીરખી શકવાને મુજ બધું,
દ્રવ્યું છે હૈયું આ કરણી મુજ દેખી બહુ પ્રભુ !
ખરે, હું તો તેથી તુજ શરણમાં આવી શકિયો,
કૃપા હોજો એવી સતત તુજ મારી પર પ્રભો ! ૧૩૫

નકી મારા ગુના અણસમજથી જે પ્રભુ ! થયા,
અને જ્યારે જાણ્યું દિન રડી ઘણા મેં વીતવિયા,
વળી પશ્ચાત્તાપે હૃદય બહુ મેં બાપ ! તપવ્યું,
ઢળાયું છે ત્યારે મુજથી શરણે, રાખ પદ તું. ૧૩૬

નથી બુદ્ધિ ઝાઝી, વિનય મુજમાં કાંઈ નવ છે,
વળી કામી, ક્રોધી તનય તુજ એવો શરણ છે,
પડ્યો છું પાલે જ્યાં જ્યમ ત્યમ કરી તું નીભવજે,
તને સાષ્ટાંગોથી પ્રણિપત કરી રાંક વીનવે. ૧૩૭

'જગે જીતી પ્રેમે વશ કરી શકું ક્રોધ મુજ હું,'
'બુરાઈને જીતું પ્રભુ !- મુજ ભલાઈથી જગ હું,'
જૂઠું સત્યે જીતું, જીતું કૃપણ દાનેથી પ્રભુ ! હું,
હૃદે એવું ઊંડું બળ પ્રભુ ! મને દે વીનવું હું. ૧૩૮

પ્રભો ! સાષ્ટાંગે હું પ્રણિપત કરું છું નિત તને,
વળી કોટી કોટી નમન કરતો હું તુજ પદે,
હજારો, લાખો, હું પ્રભુ ! ઉર પ્રણામો કરું તને,
સ્વીકારી લેજે તું હૃદયથી દઉં અંજલિ તને. ૧૩૯

પ્રભો ! મારી ભૂલો નગ સમ બધી માફ કરજે,
ન તું જેવો મોટો પ્રભુ ! હૃદયનો કોઈ પણ છે,
હું-જેવા પાપીને ચરણ પડી રે'વા પ્રભુ ! દઉં,
સહિષ્ણુતા તારી અજબ ! પ્રભુ શું વર્ણવી શકું ? ૧૪૦

થતી રે' છે નિત્યે ગડમથલ ભારે મુજ મને,
કરું છું ગૂંચાયા ડગ ભરવું ક્યાં તે નવ સૂઝે,
અને એ ચિંતામાં નિશદિન ઉદાસીન રહું હું,
મને ક્યારે માર્ગે, વીનવી મરું, પાડીશ પ્રભુ ! તું ? ૧૪૧

હજી રોમે રોમે અમલ પ્રગટે ના તુજ મને,
નથી તું-માં રે'તું સ્થિર મનડું એથી જ કરીને,
છતાં એને મારે પદ કરવું છે મુગ્ધ, બળ દે,
થયું હું-થી હોતે બનવ્યું હત કે વેળ થકીયે. ૧૪૨

અરે ! મારા જેવા પ્રભુ ! રવડતાને તુજ વિના,
નથી ક્યાંયે બીજું સ્થળ જ ઠરવાને જગતમાં,
દયા લાવી મારી કરગરું નકારો ન ભરતો,
પડી રે'વા દેજે તુજ પદ દઈ આશ્રય પૂરો. ૧૪૩

નથી બુદ્ધિ કાંઈ, અવર બળ કોઈ મુજ નથી,
વળી પાસે બીજું પ્રબળ પ્રભુ ! કો સાધન નથી,
હું પાપીમાં પાપી, અધમ થકીયે હું અધમ જે,
ભરોંસે તારે છું, તુજ પદ ઢળેલો, શરણ દે. ૧૪૪

પડ્યો છું માયાના પ્રભુ ! વમળમાં કેમ ઊગરું ?
તણાતો જ્યાં ત્યાં હું જ્યમ લહરી આવે ત્યમ પ્રભુ !
મને આવી રીતે અરર ! અથડાવા તું ક્યમ દે ?
હવાં તો ઠેકાણું મુજ પતિતનું પાડી કંઈ દે. ૧૪૫

પ્રભો ! જ્યારે જ્યારે ડગમગતી હોયે મુજ દશા,
હઉં ખોવાની હું અણી પર હૃદેનું બળ બધું,
મને ત્યારે ત્યારે બચવી પ્રભુ ! લેજે કર ગ્રહી,
ઊભો રે'જે આવી ઝટ તું પડખે તાત વીનવું. ૧૪૬

થયેલાં પાપોની સ્મૃતિ કદી થતાં કંપ ઊપજે,
હૃદે પસ્તાવાગ્નિ ભભૂકી મુજને ખાખ બનવે,
વિચારોના ઊંધે વમળ ચડતો તોય કદી હું,
છતાં યાચું એવા કમનસીબને રાખ પદ તું. ૧૪૭

પિતા પાસે નાનું શિશુ કંઈ કંઈ લાડ કરીને
કરે માગ્યાં કૈં કૈં નવીન પડતું દૃષ્ટિમહીં જે,
પિતા એમાંથી કૈં ઠીક ઘટતું જે હોય લઈ દે,
મને એવી રીતે તુજ શિશુ ગણી યોગ્ય પ્રભુ ! દે. ૧૪૮

કહે ક્યાં સુધી તે તુજ તું ચલવ્યા દંભ કરશે ?
કરેલું તારું જે, સમજ, તુજને સર્વ નડશે,
હઉં જેવો તેથી સ્વરૂપ કદી બીજું ન ધરવું,
ચૂકું જ્યારે, ત્યારે મનમહીં વસો તાત ! વીનવું. ૧૪૯

પ્રવર્ત્યેલું જ્યાં ત્યાં જગતમહીં સામ્રાજ્ય તુજ છે,
હું અજ્ઞાની, જે કૈં અરર ! તુજ સત્તા ન સમજે,
'પ્રભો ! શાનાથી હું, સમજીશ', નથી હું સમજતો,
લળી પાયે યાચું, 'ભર તું મુજમાં ડા'પણ પૂરું'. ૧૫૦

પ્રભો ! મૂર્ખો હું, જે કંઈ ન સમજ્યો અર્થ મુજ હું,
કમાવાનું છોડી ઘરનું ખરચ્યાં મેં ધન કર્યું,
થયો ખાલી પૂરો તહીં સુધી મને. ના ગમ પડી,
ઢળી હાવાં તારે શરણ વલખાં મારું બહુ શું ! ૧૫૧

ભૂલી, મૂર્ખાઈથી દુઃખી થઈ રહ્યો છું, પ્રભુ ! હવાં,
ઉપાડી લે મારાં નયન થકી અજ્ઞાન પડદા,
તું જેવો કો બીજો જગમહીં દયાસાગર નથી,
દયા શા કાજે તો પ્રભુ ! નવ કરે હું પર પછી ? ૧૫૨

ગમે તેવો તોયે તુજ શરણ છું એમ ગણીને,
પ્રભો ! મારે માથે કર શીતળ તારો તું ધરને,
તને જાણ્યો છે કે 'પ્રભુ ! તું કરુણાનો જળનિધિ'
મને એ વિશ્વાસે કઠતું જ નથી જીવન દુઃખી. ૧૫૩

તને કે વેળાનું કરગરી કરું છું હું વીનવ્યાં,
કૃપા દાખી ક્યારે કરીશ મુજને પાવન હવાં ?
હું તો નર્કાગારે પ્રભુ ! સડી રહ્યો છું, નજર દે
ગમે તેવી રીતે મુજ તરફ, તારો ગણી મને. ૧૫૪

અરે! હું મૂર્ખાનું હજી નવ ઊડે આળસ બધું,
નકામો ગાળ્યો છે સમય, ન રળ્યો પાઈ પણ હું,
બધી ખર્ચી મારી ખૂટી ગઈ જ, દેવાળું નીકળ્યું,
હવાં જો ના ચેતે જીવતર થશે ધૂળ સઘળું. ૧૫૫

હું તો ઘંટીનાં બે પડમહીં પિલાઈ મરું સદા,
કૃપાદૃષ્ટિ મારી તરફ કરતો તોય ક્યમ ના ?
ભલે જેમાં રાજી હઈશ, હું સ્વીકારી લઈશ ને,
દશા હું સંતોષે વગર બબડ્યે ભોગવીશ તે. ૧૫૬

લૂલો, મૂગો, બ્હેરો, નયન થકી ના જોઈ શકું હું,
બીજું કો ભારે ના વળી મુજ કને સાધન કશું,
પ્રભો ! તેવો હું શો બધી જ રીતથી નિર્બળ છતાં,
હૃદે આશા રાખું પ્રભુ ! તુજ કૃપા પ્રાપ્ત કરવા. ૧૫૭

મને જ્યાં દોરે છે મુજ હૃદયની વૃત્તિ પ્રભો ! ત્યાં
ઊંડીં શ્રદ્ધા રાખી ભગીરથ મથ્યા હું કરું જવા,
ઊભા તોયે થાયે બહુ જ ગૂંચવાડા કરી કદી,
મૂંઝાઉં હું જ્યારે મદદમહીં તું આવ પ્રભુજી ! ૧૫૮

હંમેશાં રે'વાજો મુજ થકી સદાચારી મનથી,
થવામાં નિષ્પાપી મદદ મુજને આપ પ્રભુજી,
કૃપા વિના તારી મુજ થકી સધાશે નવ કશું,
પ્રભો ! એ રીતે હું પદ, કર છતાં, પંગુ જન છું. ૧૫૯

‘કરે છે જે શિક્ષા વળી બચવતો એ જ મુજને’
જણાયાથી તેવું મુજ બધું દીધું સોંપી તુજને,
છતાં વારે વારે કંઈ કંઈ તને હું કરું કહ્યાં,
હું યાચું ‘કંટાળો મુજ પર તું લાવીશ ન જરા.’ ૧૬૦

ગમે તે યોનિમાં જનમ મુજ હો, ત્યાં પણ મને
હંમેશાંયે રે’જો સ્મરણ મધુરું તારું હૃદયે,
‘વળી ભક્તિ તારી, જીવનમહીં વૈરાગ્ય હૃદયે
વસેલા રે’જો તે,’ બસ તુજ કને માગું પ્રભુ એ. ૧૬૧

ગયેલું ક્યારે સૌ મુજ ધન મને પાછું મળશે ?
જરા તો સામું જો! ટળવળી મરું છેક જ હવે,
કૃપા તારી થાતાં બનવું નથી શું શક્ય પ્રભુ ! કે’,
ભિખારીને દેતાં કણ તુજ કૃપાની બસ થશે. ૧૬૨

ભિખારી ભૂખ્યો છું રખડી ભટકી થાક ચઢિયો,
ગઈ છે જો ઊડી મુજમહીંથી રે ! હોંશ પણ સૌ,
ધરી આશા આવ્યો તુજ તરફથી કૈંક મળશે,
હવાં ક્યાં સુધી તું કરીશ તલસાવ્યા ગરીબને ! ૧૬૩

કયા દુર્ભાગ્યેથી મન બહુ જ વંઠેલ નીવડ્યું ?
ઠરી ઠેકાણે તે કદીય નવ બેસે, ક્યમ કરું ?
પદે બાંધી લેવા સતત મથતો બાપ ! તુજ હું,
ન નાખ્યા પ્હોંચે જ્યાં મુજ ગજ, હવે દે મદદ તું. ૧૬૪

'વહી જાજો તારા સ્મરણમહીં આખું જીવન આ,
બીજી કો પંચાતે મુજ થકી પડાજો કદીય ના,
સદા તું- માં રે'જો હૃદય રમતાં ચિત્ત, મન, સૌ'
પડી પાયે માગું પ્રભુ ! તુજ કને એટલી કૃપા. ૧૬૫

વિકારો ક્રોધાદિ મુજમહીંથી હા ! કેમ શમશે ?
અને ભ્રાંતિ ક્યારે મન પર થકી મારી ટળશે ?
તું-માં ક્યારે મારાં મન, હૃદય તલ્લીન બનશે ?
મને ક્યારે એવો પરમ ધનભાગી બનવશે ? ૧૬૬

મને મારા દોષોતણું સતત સૌ ભાન ઊઠજો,
અને તે દોષોને ક્યમ દૂર કરું, ચિંત્વન થજો,
ભૂલોચૂકો જે જે મુજથી બનશે, તે હું તુજને
જણાવ્યા હંમેશાં કરીશ, મતિ દે સૂક્ષ્મ મુજને. ૧૬૭

હજી કો રીતે ના મુજ ચલણ મારી પર થતું,
બીજા કોનો કાઢી શકું હું પછીથી દોષ પણ શું ?
પ્રભો ! આવો ક્યાંથી હઈશ નબળો ? ના ગમ પડે,
છતાં જ્યાં આવ્યો છું તુજ શરણ, દેજે બળ મને. ૧૬૮

વિચારોના કૈં કૈં વમળ ઊભરાતા જ મનમાં,
બધું ડો'ળી નાખે, સ્થિર થવા દે નવ જરા,
ન ચાલે છે મારું કશું પણ ઘસી હાથ મરતો,
છતાં તેવી વેળા તુજ સ્મરણ ના બાપ ! ચૂકતો. ૧૬૯

ઘણાયે દોષો જો ! પ્રભુ, નિત કર્યા ને હજુ કરું,
અજાણ્યે જાણ્યેથી પણ પછી વિચાર્યા મન કરું,
કરું હું ધિક્કાર્યાં હૃદય, મનને એમ કરીને,
સદા સાથે સાથે તુજ મદદ માગ્યા કરું હૃદે. ૧૭૦

ઘણીયે મારામાં હજુય નબળાઈ વસી રહી,
છૂટે ના કેમેયે વિષય થકી આસક્તિ મનથી,
ખરે ! મારા જેવો જન અવર કો પામર નથી,
છતાંયે તારો છું, તુજ શરણમાં રાખ પ્રભુજી ! ૧૭૧

કદી ગુના મારા જરીય નવ હુ છાવરું પ્રભુ !
બધું ખુલ્લેખુલ્લું હૃદય કદી તું -આગળ ધરું,
વિના સંકોચેથી મુજ ભૂલચૂકો દોષ પ્રભુ! હું,
તને વારે વારે જણવી હળવું હું ઉર કરું. ૧૭૨

ચળાજો ના કેમે મુજથી કદીયે નિશ્ચય થકી,
મને દેતો રે'જે પ્રભુજી ! બળ એવું ઉરમહીં,
કશું યત્કિંચિતે કદી બનતું ના તાત ! મુજથી,
છતાં થાતું જે કૈં, બનતું બધું તારી રહમથી. ૧૭૩

મહાસૃષ્ટિ તારીમહીં પ્રભુજી ! શો અલ્પ જીવ હું !
તને પ્હોંચું શેં હું મતિ વગરનો બાળ પછી હું !
ભીડી છે તોયે મેં મુજ હૃદયમાં હામ પ્રભુ ! કે
થતું સૌ મારાથી કરીશ, મદદે બાપ ! રહેજે. ૧૭૪

કૃપા જો તારી હો, ઉદધિ તરવો સ્હેલ બનશે,
કૃપા જો તારી હો, તહીં અડચણો કૈં ન નડશે,
કૃપા જો તારી હો, પ્રભુ ! મગરમચ્છો ન પીડશે,
કૃપા હું યાચું તે, અવર બસ ના આશ કંઈ છે. ૧૭૫

કૃપા જો તારી હો, હૃદય મુજ સામર્થ્ય રહેશે,
કૃપા જો તારી હો, મુજ હૃદય ભાવોર્મિ સ્ફુરશે,
કૃપા જો તારી હો, જીવનમહીં ઉલ્લાસ મળશે,
કૃપા હું વાંછું, તે અવર બસ ના આશ કંઈ છે. ૧૭૬

કૃપા જો તારી હો, *પદ મન, મતિ, ચિત્ત ઠરશે,
કૃપા જો તારી હો, મુજ ત્રિવિધના તાપ શમશે,
કૃપા જો તારી હો, મુજ જીવન આ સાર્થ બનશે,
કૃપા હું વાંછું તે, અવર બસ ના આશ કંઈ છે. ૧૭૭

કૃપા જો તારી હો, મુજ કરમ સંસ્કાર ટળશે,
કૃપા જો તારી હો, તુજ વિષયનું જ્ઞાન મળશે,
કૃપા જો તારી હો, ઉર ઉદધિની મસ્તી ચઢશે
કૃપા હું વાંછું તે, અવર બસ ના આશ કંઈ છે. ૧૭૮

વિચારો હૈયામાં શુભઅશુભ આવ્યા હજુ કરે,
છુટાવા એનાથી બહુ મથું છતાં ખૂબ કનડે,
અચંબો એ ભારે, જ્યમ જ્યમ હું વારું ત્યમ વધે !
બલાથી એ મારો પ્રભુજી ! છુટકારો કર હવે. ૧૭૯

* પ્રભુપદ

થવાનું સૌ થાશે ત્યમ મન ધરી, શીર્ષ કર દૈ
રહ્યો બેસી તારું કંઈ ન વળશે, ઊઠ જલદી,
પહોંચે જ્યાં સુધી સ્થળ પર નહીં ત્યાં સુધી હવે,
ઊડ્યો જા હંમેશાં મથન કરી, ઉદ્યોગપવને. ૧૮૦

ફગાવી દેવાને ભય સકળ તાકાત પણ ના,
ફગાવી દેવાને મુજ હૃદય દૌર્બલ્ય બળ ના,
કૂવા અજ્ઞાનેથી નીકળી શકું શેં બ્હાર પછી હું ?
મને પ્રજ્ઞાચક્ષુ નિજ જન ગણી આપ પ્રભુ ! તું. ૧૮૧

થતી મારે હૈયે ગડમથલ ભારે નીરખું હું,
તને કોઈ રીતે પણ ન સમજાવી કંઈ શકું,
પ્રભો ! મૂગું એવું સહી નવ શકાયે મુજથી તે,
કહેવાતું હોતે હૃદય કંઈ સંતોષ વળતે. ૧૮૨

પ્રભો ! તારા પ્રેમે રસબસ કરી દે તું મુજને,
પૂરા રંગે તારે હૃદયે, મન તું રંગી મુજ દે,
ચઢ્યો રે' હંમેશાં પ્રભો ! તુજ નશો સૌ રગરગે,
અને મસ્તી તારી વળી તુજ ખુમારી હૃદય દે. ૧૮૩

અધૂરો હું એને નવ બનવતો પૂર્ણ પ્રભુ ! કાં ?
પણે કેવો ઊગ્યો સૂરજ, અજવાળે જગત શો !
કૃપા તેવી તારી હ્રદયનું ફિટાડો તમ બધું
તું શક્તિશાળી છે સવળું, અવળું, સર્વ, કરવા. ૧૮૪

નિજાનંદે મસ્તીમહીં રહી શકું હું પળપળે,
નિરાંતેનું એવું સુખ, હ્રદય માગું નિશદિને,
મને જ્યાં સુધી તે પરમ સુખ વાંછ્યું ન મળશે,
રહેવાનો હું તો તહીં સુધી દરિદ્રી, નજર દે. ૧૮૫

કૃપામાં તારી તે વિલસવું ગમે છે પ્રભુ ! મને,
અભાગીનું હોયે પણ નસીબ એવું કહીંથી તે ?
પ્રભો ! હોલાવાને મુજ હ્રદયની દાઝ કરું શું ?
પડું પા'ડેથી કે અગન સળગાવી બળી મરું ? ૧૮૬

બન્યો શો તોફાની જળનિધિ ! ચઢ્યું નાવ વમળે !
દિશાઓ ના સૂઝે, કઈ ગમ જવું ? શું કરું હવે ?
સુકાનેયે હાથે મુજ ઠરતું ના ! શું મુજ થશે ?
હવે આશા સોંપી મુજ ઊગરવાની પ્રભુ ! તને. ૧૮૭

ટૂંકી બુદ્ધિ મારી જગત વ્યવહારે પણ ખૂટે,
જહીં માથા સાટે રમત, તહીં એ કેમ ટકશે?
સવેળા જાણ્યાથી હૃદય, તુજ મેં આશ્રય હવે
લીધો શ્રદ્ધાથી કે પ્રભુ ! પતિતને તું બચવશે. ૧૮૮

નકામી ચર્ચામાં મુજ મતિ ચલાવું ન જરી હું,
અને કોની સાથે કદી ન ઊતરું વાદમહીં હું,
હું વાતો, શંકામાં, ખપ વગરની, ના મન ધરું,
જગે મૂર્ખો થૈને, તુજ પદ રહેવા સ્થિર, મથું. ૧૮૯

મને આ સંસારે સ્વજન ખરું કો ના તુજ વિના,
રહ્યો છું, ધારી આ મુજ જીવન તારી પર હવાં,
કહે ‘ક્યારે મારી પ્રભુ ! છીપવશે આંતરતૃષા ?
‘કરી દેશે ક્યારે મન, હૃદય એકાગ્ર પદમાં ?’ ૧૯૦

પ્રભો ! લાગ્યો ચારે તરફ વડવાગ્નિ ક્યમ બચું !
તપાવી બાળી દે હૃદય, મન ને ચિત્ત સઘળું,
બધે જ્વાળા ભારે પ્રસરી રહી છે, ક્યાં જવું હવે !
મને તો આરો તું, વીનવું પ્રભુ ! હું તાત ! તુજને. ૧૯૧

કિનારો કેમેયે નજરે પડતો ન ક્યમ કરું,
હજારો વચ્ચે કૈં હરકત નડે તોય હું તરું,
ઘણાં મોજાં ભારે ઊછળી અથડાતાં મુજ પરે,
કૃપાજોરે તારી પ્રભુ ! તું લઈ જા પાર મુજને. ૧૯૨

અજાણ્યો છું હું તો ક્યમ કરી જડે માર્ગ મુજને ?
ગૂંચાયેલો છું હું કઈ દિશ ભણી જાઉં પ્રભુ કે' ?
જહીં હું જોઉં ત્યાં સઘન ગીચ ઝાડી નીરખતો
પ્રવેશે કે ના ત્યાં કિરણ પણ કૈં સૂર્યતણું કો. ૧૯૩

શિશુ નાનું કેવુ નિજ જનનીને પ્રેમ કરતું !
વિના માતા તે કો અવર જનને ઓળખતું ના,
સદા નિશ્ચિંતે રે' મુખ મલકતું એનું દીસતું,
મને તેવી તારી પર પ્રણય દે દૃષ્ટિ, હૃદમાં. ૧૯૪

સમુદ્રે સંગાથે નદી મળી જવા શી સતત તે
સદા આંખો મીંચી ! વહી જતી, બીજે લક્ષ નવ દે,
કશાથી ખંચાતી નથી, અડચણો ફેંકી ધસતી,
મને તેવું તારી તરફ ધસવા, પ્રેર હૃદયથી. ૧૯૫

પ્રભો ! પક્ષી કેવાં સતત ઉર આનંદ લૂંટતાં !
વળી રાખે ચિંતા જરીય પણ તે કાલતણી ના,
અને શું તેઓનું જીવન બહુ નિર્દોષ પ્રભુ જો !
સદા તેવું મારું જીવન વહજો, નિર્મળ થજો. ૧૯૬

પ્રભો ! જેવી ઇચ્છા તુજ મુજ વિશે હોય, ફળજો,
અને કે'વા સામું મુજ કંઈ જ ના ધ્યાન ધરશો,
'ભલું શેમાં શું' હું જડમતિ પ્રભો ! કેમ સમજું ?
તને જેમાં લાગે મુજ શુભ, હું-થી તે કરવ તું. ૧૯૭

કંઈ ના જાણું કે કહીં ડગ ભરી આગળ ધપું ?
હજી અંધારામાં જહીંતહીં બધે આથડી મરું,
હવે સ્હેવાયે ના મૂંઝવણ થતી જે હૃદયમાં,
બૂમો તેથી પાડ્યા કરું હું પ્રભુ ! કાં લે નજર ના ? ૧૯૮

તને વારે વારે ચરણ પડી યાચી કરગરું,
હવાં મારી લેની કંઈ કરીય સંભાળ પ્રભુ ! તું,
નકામો મૂર્ખો જે લળી લળી તને શું પજવતો !
લીધી હોતે જો ના મુજ ખબર, શેં હોત જીવતો ? ૧૯૯

મને તીવ્રાકાંક્ષા પ્રભુ ! તુજ વિશે તું જગવજે,
હૃદે તારા દૈવી પ્રણય થકી ઉન્મત કરજે,
વળી જ્ઞાનાગ્નિથી મન, હૃદયને શુદ્ધ કરજે,
સદાયે તારું ત્યાં ઘર બનવીને વાસ કરજે. ૨૦૦

ઊભો છું દ્વારે હું તુજ કંઈ ઘડીનો નજર દે !
તને પોકાર્યા હું સતત કરું કૈં નાખ મુજને,
ભિખારી થૈને હું પ્રભુ ! તુજ કને માગી શકું શું ?
તને જેવી હોયે મરજી મુજને આપ ત્યમ તું. ૨૦૧

'ગમે તેવો છું હું તુજ ચરણનો દાસ પણ હું'
અરે ! એ દાવાનું મુજ મુખથી શું યોગ્ય વદવું !
કદી તેવું બોલું મૂરખ મુજ તે વ્યર્થ બકવું !
હું તારા દાસોના પદની રજનીયે રજ ન છું ૨૦૨

પ્રભો ! જાગ્યો ત્યાંથી સ્મરણ તુજ ચૂકું ન મન હું,
તને ઝંખ્યા હૈયે બહુ જ કરતો હું પ્રભુ! રહું,
હવે બોલાવી લે, તુજ નજીક તું તાત ! મુજને
હૃદે હંમેશાંનો નિરવધિ જ આનંદ પ્રભુ ! દે. ૨૦૩

કંઈ જેવા તેવા મન, હૃદયમાં ભાવ પ્રભુ ! છે,
વિના તે કો બીજું વળી મુજ કને સાધન ન છે,
અને એ ભાવોના જળથી તુજ પાદો નિશદિને,
પખાળીને પ્રેમે હૃદય કરું હું આચમન તે. ૨૦૪

દીવાદાંડીરૂપે ઉદધિમહીં શો એક મુજ તું !
બચાવે સૌ છૂપા ખડકથી મને દૂર થકી શું !
હતે જો ના એવું, રહ્યું ન હત અસ્તિત્વ મુજ આ,
ભૂંસાઈ પૃથ્વીથી પ્રભુ ! હત ગયો હું જરૂર હા ! ૨૦૫

બધું અંધારું આ મુજ હૃદયનું ફેડી પ્રભુ ! દે,
અને જ્યાં ત્યાં તારું હૃદયમહીં સામ્રાજ્ય કરી દે,
રૂંવે રૂંવે તારો નસ નસ, રગે પ્રેમ ભરી દે !
શિરે મારે તારું ફરતું જ કૃપાચક્ર મૂકી દે. ૨૦૬

'મને શ્રદ્ધા પ્રેરી હૃદયમહીં તેં', દાન તુજ એ,
'થતા યત્નો હું-થી, ઉર સમજું, તે' હામ તુજ એ,
'વળી રક્ષાઉં છું જહીં તહીં' પ્રભુ ! હાથ તુજ તે,
'હૃદે રે'તું તારું સ્મરણ સૂચવે પ્રેમ તુજ એ. ૨૦૭

ભલે પાપો મારાં પ્રભુ ! પ્રગટ સર્વે જગ થતાં,
કરું ચિંતા ના હું, હૃદય ધરું એની ન પરવા,
'કૃપાથી તારી હું મન રહી શકું જાગ્રત પૂરું'.
સદા માગું છું એ ભીખ તુજ કને એક બસ હું. ૨૦૮

વિચારોનું ક્યારે જડમૂળ બધું કે' ઊખડશે ?
પ્રભો ! ક્યારે મારી તુજ પદ પૂરી વૃત્તિ શમશે ?
પૂરી એવી ક્યારે મુજ હૃદયમાં શાંતિ વળશે ?
જીવું સ્વપ્નાં સેવી, જીવનમહીં ક્યારે ઊતરશે ? ૨૦૯

મહાકષ્ટે રાત્રી વીતવી શકતો આ સઘળી હું,
ઉષાની આશામાં જીરવી જ રહ્યો આ જીવન હું,
હવાં બિડાયેલું કમળ ફૂલ જે કર્મ મુજ છે,
ખીલી તે ઊઠે, જો પ્રભુ તુજ કૃપાસૂર્ય ઊગશે. ૨૧૦

ઊંડી આશા હૈયે પ્રભુ ! તુજ જિવાડી રહી મને,
વળી અશ્રુ સારી ઉર ઊંડું સ્મર્યાં હું કરું તને,
હંમેશાં ગાળું દી પ્રિયતમ પ્રભુ ! ચિંત્વનમહીં,
કૃપાદૃષ્ટિ ફેંકી પ્રભુ ! પતિતને ધન્ય કરની. ૨૧૧

અરે ! જ્યાં આવ્યો છું બળીઝળી પ્રભો ! ઘેર તુજ હું
મને પીડે શાને વળી ઉપરથી ડામ દઈ તું ?
ઊંડી આશા ધારી હતી મનમહીં કે પ્રભુ ! હવે
ઠરી રે'વાશે ને મુજ દિન સુખેથી વહી જશે. ૨૧૨

મહાયુદ્ધો મારે જીવન લડવાનાં હજુ રહ્યાં,
અને અત્યારેથી પગ ત્યમ છતાં છે ક્યમ ઢીલા ?
ચઢેલો યુદ્ધે જે શૂરવીર હશે તે ન હઠશે,
ભલે માથું આપે મરદ પણ તે નાક નવ દે. ૨૧૩

ગમે તેવા ભારે કઠણ પણ સંજોગમહીંયે,
મુકાજો ના તારું સ્મરણ મધુરું હું-થી કદીયે,
અને ત્યારે શ્રદ્ધા ડગમગતી જો થાય મુજ કૈં,
મને તે વેળાયે પ્રભુ ! કરી કૃપા હામ પૂરજે. ૨૧૪

રહેવાજો નીચું જગત નજરે નિત્ય મુજથી,
સહેવાજો પ્રેમે દુઃખ શિર પડે જે, મુજ થકી,
સદા મારી રે'જો પદકમળમાં વૃત્તિ મનની,
અને તું-માં મારી સતત સ્ફુરજો ભક્તિ હૃદથી. ૨૧૫

પ્રભો ! બાજી મારી પૂરી થતી નથી જો હજુ સુધી !
મળ્યા સામાવાળા બહુ જ કપરા દે ન જીતવા,
હું તો દા ફેંકું છું પ્રભુ ! બહુ જ કારીગરી કરી,
ફવાવા દે પૂરું નહિ જ, પ્રભુ ! દે યુક્તિ સઘળી. ૨૧૬

હું- માં જો આશાની હૃદય ચિનગારી તું નવ દે,
જીવવાને ક્યાંથી પછીથી પ્રભુ ! કાઢું બળ ખરે!
વિના ટેકા જેવું ગગન પ્રસરેલું, ત્યમ મને,
બધે, ઊંડું, તું-માં ત્યમ પ્રસરવા શક્તિ પ્રભુ ! દે. ૨૧૭

નશો ક્યારે તારો હૃદય ચઢશે બાપ ! મુજને ?
અને લાલી આવી નયન મુજ ક્યારે નચવશે ?
ધરું ના કૈં ચિંતા પછીથી રખડું હું ભટકું કે,
જશે વ્યાપી જ્યારે તુજ રસ ઊંડો સૌ નસનસે. ૨૧૮

કઈ રીતે મારું કરી શકું પરિવર્તન પૂરું ?
મને એની પૂરી સમજ પડતી ના મન હજુ,
દીધું સોંપી મારું બધું જ કરવાનું ઠીક તને,
હું તો તારું લીધા કરીશ મધુરું નામ હૃદયે. ૨૧૯

કરેલો છે મેં તો મન, હૃદ , ચિત્તે નિશ્ચય મહા,
ગમે તે થાતાંયે નવજીવનને પ્રાપ્ત કરવા,
નિરાશાથી જ્યારે પણ મનડું મારું ડગમગે,
મને દેતો રે'જે તુજ બળ-કૃપા-હામ હૃદયે. ૨૨૦

છવાયેલું જ્યાં ત્યાં ભરપૂર જ આકાશ જ્યમ છે,
પ્રભાવેથી તેવું મુજ હૃદય રે'જો તુજ વિશે,
અને જેવી ચંદા તહીં ચમકતી, તેમ મનમાં
સ્મૃતિ, માગું, તારી સતત કરજો' નિત્ય ઝળક્યાં. ૨૨૧

પ્રભો! કેવી રીતે જળનિધિ તરી પાર કરવો ?
મહામોજાં દેખી થર થર ધ્રૂજે કાય બહુ જો !
છતાં શ્રદ્ધા રાખી તુજ પર, હૃદે હિંમત ધરી,
પ્રભો ! નાખ્યું છે મેં પડતું, કર લેજે મુજ ગ્રહી. ૨૨૨

'કૃપાથી તારી તેં બહુ પતિતને પાવન કર્યા,'
હૃદે એ શ્રદ્ધાથી મતિ થઈ મને પાદ ઢળવા,
અગાડી પૂરા જ્યાં હજુ ડગ ભર્યાં હોય નહિ બે,
તહીં તો કંટાળી કકળી ઊઠું છું શું મુજ થશે ! ૨૨૩

તને મારો કેવી રીત થકી બનાવી શકું કહે ?
જિતાયે પ્રેમે તું, નવ કંઈ બીજાથી વશ થશે,
મળે મારામાં તો પ્રણયરસનું બિંદુ પણ ના,
નકામું ત્યારે શું મુજ વહી જવાનું જીવન આ ? ૨૨૪

વિકારોને ક્યારે કરી શકીશ નિર્મૂળ પ્રભુ ! હું ?
અને હું-માં ક્યારે થઈ રહીશ સંતુષ્ટ હૃદ હું ?
મને ક્યારે એવો પ્રભુ ! તું સ્થિરબુદ્ધિ બનવશે ?
હશે જો ના વેતા તુજમહીં, પછી કો શું કરશે ? ૨૨૫

પ્રભો ! ક્યારે બુદ્ધિ, મન, હૃદય તેજસ્વિત થશે ?
વળ્યાં અંધારાંનાં મૂજ પડળ ક્યારે ઊઘડશે ?
થતું તું-થી તારું સઘળું કરી છૂટી પ્રભુ પદે,
બધું છોડી દેને મનમહીં તું નિઃશંક બનજે. ૨૨૬

પહેલાં વિચારી પગલું ભરિયું તું મન હવે,
પડે પાછું ! એને પ્રભુ ! હું સમજાવું કઈ રીતે ?
રચે બાજી કૈં કૈં નવીન ભરમાવા પ્રભુ! મને.
સદા જોતો રે'જે નહિતર શિશુ આ લથડશે. ૨૨૭

મચ્યો છું જો યત્ને હૃદયે ધરી વિશ્વાસ તુજ હું,
મને શ્રદ્ધા છે કે મદદ કરશે બાપ ! નકી તું,
ખરે તેથી મેં તો મુજ જીવનનૌકા ઝૂકવી છે,
સદા દેતો રે'જે પ્રભુ ! બળ પુરુષાર્થ કરવે. ૨૨૮

નથી આવી હું-માં હજુ સુધી ઊંડી જાગૃતિ પૂરી,
મને સાલે છે તે નયન પડી હોયે જ્યમ કણી,
નથી કે એવું શું મુજમહીં ઊંડું ઉત્કટપણું ?
કહે શાથી મારા તરફ નવ દે લક્ષ પૂરતું ? ૨૨૯

ચઢ્યું છે ઝોલે જો મુજ જીવનનું નાવ પ્રભુ ! આ,
પ્રવાહે મોજાંના બહુ જ અફળાતું ખડકમાં,
મને લાગે જાણે જરૂર હમણાં ભાંગી પડશે,
સુકાની જો ના તું થઈશ, બધી બાજી કથળશે. ૨૩૦

ઉષા અંગે પ્રેમે નિત અવનવા રંગ ભરીને,
કરે યત્નો ભારે પિયુ રીઝવવા જેમ મને તે,
હૃદે એવા ભાવો નિત નિત નૌતમ ભરી
મથું છું કેવો હું પ્રભુ ! રીઝવવા નિત્ય તુજને ! ૨૩૧

વિતંડાવાદે ને અવર વિષયે શો રમી રહ્યો !
ગુમાવ્યો છે એળે સમય, પદ સેવી નવ શક્યો,
ન ક્યાંયે વિશ્વે તું હઈશ, સમજી એમ વરત્યો,
છતાં જ્યાં આવ્યો છું તુજ શરણ લે બાળ ઉર તો. ૨૩૨

મને ધક્કેલે છે તુજ ચરણથી દૂર પ્રભુ ! શું ?
ઢળ્યો છું પાછો જે, કદીય ફરવાનો જ નથી હું,
પ્રભો ! જાણે છે તું નિરલજ મને લાજ નહિ છે,
પડી રે'વા દે તું પદકમળનું પૂરું સુખ દે. ૨૩૩

પ્રભો ! શા કાજે કે' મુજ પર દયા તું નવ કરે !
મને આકર્ષીને તુજ ચરણમાં રાખી સુખ દે,
ખરે ! સંજીવની મુજ જીવનની એક પ્રભુ ! તું,
જગે આશાતંતુ તું મુજ જીવનનો એક બસ તું. ૨૩૪

બધી તૈયારીઓ પ્રિયતમ પ્રભુ કાજ કરું હું,
અને ઊંચા શ્વાસે ઉર ધડકતે રાહ નીરખું,
પ્રભો ! રાખી રાખી હૃદય તુજ આશા જીવી રહ્યો,
રખે જોજે હૈયું મુજ ગરીબનું ભંગ કરતો. ૨૩૫

ઉષા આશા મારે હૃદય પ્રગટાવી પ્રભુ ! હવે,
નિરાશાના શું તું તિમિર-સદને બાળ પૂરશે ?
જિવાશે એક્કેયે પળ ન પ્રભુ ! જો એમ કરશે,
પછી તો તારે જે કરવું ગમતું હોય કરજે. ૨૩૬

હઠે મારામાંથી હજુય મળ-વિક્ષેપ દૂર ના,
પછી મારામાંથી ક્યમ પડ ખસે આવરણનાં ?
કૃપા તારી થાતાં કશું પણ નથી દુર્ગમ મને,
મને એનો ઊંડો હૃદયમહીં વિશ્વાસ પ્રભુ ! છે. ૨૩૭

સ્વીકાર્યું ’તું ના મેં પ્રભુજી ! તુજ અસ્તિત્વ જગમાં,
અરે! વર્ત્યો હું તો મનગમતી રીતે જીવનમાં,
કૃપા તેં એવાની પર પણ કીધી ને જીવનમાં
નવી દૃષ્ટિ આપી, વીસરું તુજને તે ક્યમ હવાં ? ૨૩૮

તને સોંપી દેવા મુજ મન કરું યત્ન પ્રભુ ! હું,
કરું જ્યાં જાવાનું જમણી ગમ, ડાબી ગમ જતું,
ભલે તો તે જાતું, કરીશ ચલવ્યા યજ્ઞ મુજ હું,
મને શ્રદ્ધા ઊંડી જીતી શકીશ એ એક દિન હું. ૨૩૯

નિરાશાના જ્યારે વમળમહીં ઘેરાઈ જઉં હું,
અને હૈયે ઊંડી ગમગીની થકી વ્યાપ્ત હઉં છું,
જહીં ઊંડો ઊંડો જીવ ઊતરતો જોઉં મુજ હું,
તને ત્યારે દેતો મુજ હૃદયમાં આશ નીરખું. ૨૪૦

તરંગોનો ધંધો મુજ મનતણો જે પ્રભુ ! હતો,
હઠાવાનું એને બળ મુજમહીં નો'તું પ્રભુ, જો,
છતાં શ્રદ્ધા રાખી તુજ પર પુરુષાર્થ મુજ મેં
ન છોડ્યો, ફાવ્યો છું પ્રભુ ! તુજ કૃપાથી સહજ કૈં. ૨૪૧

નિરાશાથી શાને ડૂબી તું મરતો શોકદરિયે ?
ખરે ! આ રીતે તું ગમગીન થયે શું તરી શકે ?
બધોયે છોડી દે તુજ હૃદયમાં હોય ડર જે,
અને શ્રદ્ધા રાખી પ્રભુ પર બધું છોડી તુજ દે. ૨૪૨

પૂરો ખંતીલો થૈ ધીરજ પુરુષાર્થેથી કરીને,
ગમે તે ભોગેયે હૃદ કરીશ હું સ્થાપિત તને,
પથે જે આવે છે અડચણ બધી દૂર કરતાં,
વધે તેથી મારાં રસ, બળ સ્ફુરે શાં જીવનમાં ! ૨૪૩

થતી જ્યારે જ્યારે મુજ પતનવેળા પ્રભુ ! મને,
સદા ચેતાવ્યો છે વળી જગવ્યું શું ભાન હ્દ તેં !
હ્દે તેથી મારી તુજ પરની શ્રદ્ધા દૃઢ થતી,
અને કેવી તારે પદકમળ આસક્તિ વધતી ! ૨૪૪

રહેજે ધારીને દૃઢ ધીરજ શ્રદ્ધા મન વિશે,
કુશંકાથી તારું મન ડગમગાવા દઈશ ના,
તને રસ્તા વચ્ચે કંઈ કંઈ નવાં વિઘ્ન નડશે,
જવા ઓળંગી તે તુજ મદદમાં શી પ્રભુકૃપા ! ૨૪૫

વિચારો ને કર્મો થકી બધું ઘડાતું જીવન તો,
સદા તેથી તેમાં સતત જીવવા શુદ્ધ મથતો,
હું મારી પોતાની પર જરીય આણીશ ન દયા,
કરી જોવામાં હું મુજ સઘળું રાખીશ ન મણા. ૨૪૬

કર્યા યત્નો હું તો હૃદયથી થવા સાત્ત્વિક કરું,
થવાશે ના તેવું જહીં સુધી જ મંડ્યો રહીશ હું,
'સધાતું શું શ્રદ્ધા અડગ દૃઢ સંકલ્પ થકી ના !'
પ્રભો ! એ વિશ્વાસે જીવન કરતો મારું વીતવ્યા. ૨૪૭

નકામી વાતોને હ્રદય ભરી રાખું ન પ્રભુ ! હું,
વિચારો બીજા કૈં ખપ વગરના હું નવ કરું,
વિતંડાવાદોમાં કદીય પણ હું તો ન ઊતરું,
ધૂને મારી રે'વા કરું તુજ કૃપાથી મથન શું ! ૨૪૮

ઊભો રે'જે માંડી મીટ, સતત શ્રદ્ધા ધરી હ્રદે,
અજાણી ઓચિંતી કદીક તુજ તે આશ ફળશે,
રખે જોજે ! રે'તો જરીય પણ બેસાવધ મને,
ન જાણે કો વેળા પ્રભુતણી કૃપાનોબત થશે ! ૨૪૯

હ્રદે મંડ્યો રે'જે ધીરજ નવ છોડી દઈશ તું,
પડે છો વિક્ષેપો પણ જઈશ કંટાળી નવ તું,
નદીનો જેવો વ્હે સતત જળરેલો ત્યમ સદા,
વહેતો રે'જે તું, મળતું નથી કૈંયે શ્રમ વિના. ૨૫૦

ભલેને સંજોગો અનુકૂળ હશે ના મુજ બધા,
વિચારો જો રાખી દૃઢ શકીશ, તો તો બસ ભલા !
પ્રભો ! તેની તું-માં સતત, ઉર શ્રદ્ધા ધરી રહ્યે,
પહોંચાશે ધ્યેયે, જરૂર મુજથી એક દિવસે. ૨૫૧

પ્રભો ! મૃત્યુમુખે જીવન પડી ચૂક્યું મુજ હતું,
મને ત્યાં ચેતાવ્યો મુજ પર કૃપા તેં કરી બહુ,
હવાં શ્રદ્ધા તેથી નવજીવન પામીશ પ્રભુ ! હું,
અને આનંદેથી મુજ દિન વિતાવી શકીશ હું. ૨૫૨

બધા ભોગોથી હું સતત જીવવા દૂર મથતો,
અને વૃત્તિ ઊંડી તુજ પદ ધર્યાં નિત્ય કરતો,
કૃપાથી ઇંદ્રિયો, મન, ચિત્તાતણો સંયમ થશે,
મને શ્રદ્ધા મારા બળમહીં, પુરુષાર્થમહીં છે. ૨૫૩

મહત્ત્વાકાંક્ષાની સતત ઊડતી પાંખથી ઊડું,
જવા ધારેલા તે સ્થળ પર દઈ લક્ષ પૂરતું,
છતાંયે નાખેલી નજર મુજ ત્યાં પ્હોંચતી નથી,
જહીં સુધી શ્રદ્ધા મુજ જીવતી, શો છે ડર પછી ? ૨૫૪

નકામા મૂકી દે નિત તુજ વલોપાત કરવા,
તને તારું પૂરું જરૂર મળશે લાયક થતાં,
અધીરાઈ શેં તું હઈશ ધરતો આટલી બધી ?
ઘડીમાં બી વાવ્યે નથી થઈ જતું વૃક્ષ જલદી. ૨૫૫

તને સંબોધું ના, અવર પ્રભુ ! કોને જઈ કહું ?
ગણું જેમાં તેમાં મુજ ગરીબને માત્ર પ્રભુ ! તું,
ન લે જ્યાં સુધી તું મુજ હૃદયની વાત મનમાં,
ખરે ! ફોડ્યા કાનો તુજ કરીશ હું ત્યાં સુધી હવાં. ૨૫૬

મને દેવામાંથી ક્યમ થઈ જવું મુક્ત ન સૂઝે ?
મૂડી ના પાસે છે, કરવું ભરપાઈ ક્યમ હવે ?
કમાવાને તેથી કમર કસી મંડ્યો જ રહેવા,
ધરેલો છે મેં તો, મદદ કર, નિર્ધાર મનમાં. ૨૫૭

હૃદેથી અંધારું ક્યમ કરી ભગાડી મુજ શકું ?
કૃપાનો કાં તારો ઉદય હજુ ના સૂરજ થતો ?
દયા ના આવે શું હજુ પતિતની કાંઈ તુજને ?
ભલે તો તેવું હો, તુજ શરણ છું શી ફિકર છે ? ૨૫૮

મને ક્યારે તારાં પદકમળમાં સ્થાન મળશે ?
મહેચ્છા એ ઊંડી મુજ જીવનની એક પ્રભુ ! છે,
સધાશે જ્યાં સુધી મુજ જીવનનું ધ્યેય નહિ તે,
નિરાંતે જંપીને ઠરી હું નવ બેસીશ કદીયે. ૨૫૯

હૃદે જે ધારેલું તુજ થકી લીધા તે વગર હું,
હવાં કેડો તારો કદીય પણ મૂકીશ નવ હું,
તને શ્રદ્ધાથી હું રહીશ વળગી આગ્રહ થકી,
ભર્યાં હૈયું મારું કરીશ પ્રભુ ! તારા સ્મરણથી. ૨૯૦

ન મારાથી કેમે રહી જ શકતો સંયમ પ્રભુ !
બધી ઇંદ્રિયોની પર કુટી કુટી માથું મરું હું,
ચઢું છું ને પાછો પ્રભુ ! હું પડતો, કેમ કરું હું ?
છતાં શ્રદ્ધા રાખી તુજ પર, લડ્યા યુદ્ધ કરું હું. ૨૯૧

તણાયા તંતે મેં બહુ બહુ કર્યું છે હજુ સુધી,
ઊંડો વસ્તુનોયે મન કળી શક્યું મર્મ ન કંઈ,
છતાં જ્યારે તારી પડી કઠણ કૈં લાત હૃદયમાં,
વળ્યું ત્યારે તારી તરફ મન લુચ્ચું મુજ હવાં. ૨૯૨

પ્રભો ! જ્યોતિ ક્યારે તુજ ઝળતી રે'શે હૃદયમાં ?
રૂડા એવા જોવા મુજ દિવસ, આતુર મનમાં,
બધાંને સારું તો ગમતું, પણ તે પ્રાપ્ત કરવા,
પૂરા ઉદ્યોગે તું પળ પળ મથે કાં સતત ના ? ૨૯૩

‘તને ઝંખ્યા હૈયે પળ પળ કરું હું મનહ્દે,
અહો ! ક્યારે થાશે પ્રિયતમતણું દર્શન મને !
મળે જો, તો પૂરું હ્દયમહીં તે છોડું ન કદી,
વિના સંતોષાયા, તુજ પરની વાળું રીસ પછી. ૨૬૪

સુગંધી ફૂલો જે નિજ જીવન અર્પી ચરણ દે,
સુવાસે પોતાના સુરભિમય તે સર્વ બનવે,
છતાં કર્મે એને જરૂર રગદોળાઈ મરવું,
મને દે તેઓનું જીવન જીવવા હોંશ મનનું. ૨૬૫

સ્મૃતિ ઝાંખી હૈયે મુજ સ્થળ જવાની શી મુજને !
કરું યત્નો ભારે તહીં ઊડી જવાને હું બહુયે,
છતાં પ્હોંચાતું ના, હ્દય, મન, ઉત્સુક પણ છે,
કૃપાપાંખો દે, ત્યાં ઊડી જઈ શકાયે મુજથી કે. ૨૬૬

પુરાઈ રે’વાનું ગમતું નથી આ પીંજરમહીં,
મરું છું રૂંધાઈ કળ નવ વળે છે દિલમહીં,
વિચાર્યા હું નિત્યે સતત કરતો મુક્ત બનવા,
તમન્ના દે પાંખો ગગન ઊડવા હોંશ મનમાં. ૨૬૭

ઊંડું ભાવે તારાં પદકમળનું ધ્યાન ધરવા,
હૃદે પ્રેમાગ્નિમાં તુજ વિરહથી નિત્ય ઝૂરવા,
નિજાનંદે પૂરો રસબસ થઈ મસ્ત બનવા,
ઢળ્યો છું હું તારે શરણ, પ્રભુ ! દેજે બળ, કૃપા. ૨૬૮

તને ભારે લાગે શ્રમ શું મુજ ઉદ્ધાર કરતાં ?
મને પાસે લેતાં શરમ શું આવતી ભલા !
ખસેડી કાં નાખે તુજ નયન મારા તરફથી ?
તને મારું મોઢું ગમતું નથી શા કારણ થકી ? ૨૬૯

પ્રભાતે રે', કેવાં ખગ બહુ જ કલ્લોલ કરતાં !
કશાની કૈં ચિંતા હૃદયમહીં તેઓ ન ધરતાં,
પ્રભો ! તેના જેવું મુજ જીવન નિર્દોષ કરી દે,
અને તેના જેવો મુજ હૃદય ઉલ્લાસ ભરી દે. ૨૭૦

ભલે વિઘ્નો આવે, ઊતરી પડતા પા'ડ શિર છો,
અને અગ્નિજ્વાળા ફરી વળતી ચોપાસ મુજ છો,
ગમે તેવું થાઓ મુજ, પણ હઠો તું પરથી ના,
પ્રભો ! શ્રદ્ધા મારી, કંઈ જ બસ માગું અવર ના. ૨૭૧

તું સાથે બંધાવા રસપ્રણય સંબંધથી, મને,
ઊંડી તીવ્રાકાંક્ષા ક્યમ કરી બતાવી શકું તને ?
પૂરી એની છાયા મુજ જીવનના વર્તન વિશે,
પડે એવા ભાવો કરું નિત ધર્યાં નૌતમ હૃદે. ૨૭૨

તને કેદી મારો પ્રભુ ! બનવવા કોડ મુજ છે,
પછી તું સંગાથે કંઈ કંઈ મજાઓ કરવી છે,
રચી સ્વપ્નાં એવાં વ્યતીત કરતો આ જીવન હું,
રહી એમાં રાચી, કરું મન વ્યથા મારી દૂર હું. ૨૭૩

હૃદે ઊંડો ઊંડો પ્રણય પ્રગટાવી હું તુજને,
કરી એવો મારો લઈશ, છટકી કે નવ શકે,
તુમાખી તું તારી ચલવી પછી જોજે મુજ પરે,
તને થૈ થૈ કેવો નચવીશ તુંયે તે સમજશે. ૨૭૪

પ્રભો ! તું સંગાથે મુજ જીવનને ભેળવી દઈ,
મિટાવી દેવો છે વળી સમૂળગો ભેદ મનથી,
ટીપે ટીપે આખું સર જળ ભરેલું થઈ જતું,
વધી એવી રીતે ડગ ડગ અગાડી જઈશ હું. ૨૭૫

॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હ્રદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હ્રદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

|| હરિઃૐ ||

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥

|| હરિઃૐ ||

(શિખરિણી)

ઉમંગેથી નિત્યે રટણ કર તું નામ પ્રભુનું,
રખે છોડી દે તો તલપ પ્રભુના નામતણી તું,
જગે પૈસા દે છે જન મજૂરીના તો ક્યમ તને,
પ્રભુ ખાલી રાખે ? ત્યમ સમજી રે' લગ્ન હૃદયે.

■ ■ ■

ભલે વિઘ્નો આવે, ઊતરી પડતા પા'ડ શિર છો,
અને અગ્નિજ્વાળા ફરી વળતી ચોપાસ મુજ છો,
ગમે તેવું થાઓ મુજ, પણ હઠો તું પરથી ના,
પ્રભો ! શ્રદ્ધા મારી, કંઈ જ બસ માગું અવર ના.

- શ્રીમોટા

'હૃદયપોકાર', પાંચમી આ., પૃ. ૨૨, ૬૮